


RNI No. GUJGUJ/2016/70752
NAVSARJAN SANSKRUTI

# નવસર્જન સંસ્કૃતિ

નવસર્જન સંસ્કૃતિ

અમદાવાદથી પ્રસિદ્ધ થતું દૈનિક

Volume : 10
Issue : 062
Dt.: 05-01-2026,
Monday
Page:04
Rs.00.50 paisa


### રેલવે સ્ટેશન પર એક મોટી આગની ઘટના બની

# ત્રિશૂર રેલવે સ્ટેશન પર મોટી આગ, ૨૦૦થી વધુ વાહનો બળીને ખાખ

## અધિકારીઓએ જણાવ્યું છે કે ઈલેક્ટ્રિક શોર્ટ સર્કિટ, ઈંધણ લીકેજ અથવા અન્ય કોઈ તકનીકી ખામીના કારણે આગ લાગી હોવાની શક્યતા છે



(સંપૂર્ણ સમાચાર સેવા)કેરળ

કેરળના ત્રિશૂર રેલ્વે સ્ટેશન પર રવિવારે વહેલી સવારે થયેલી ભીષણ આગની ઘટનાએ સમગ્ર વિસ્તારમાં હડકંપ મચાવી દીધો. આ આગમાં સ્ટેશનના પાર્કિંગ વિસ્તારમાં પાર્ક કરાયેલા ૨૦૦થી વધુ ટુ-વ્હીલર બળીને ખાખ થઈ ગયા.

રવિવારે સવારે કેરળના ત્રિશૂર રેલ્વે સ્ટેશન પર એક મોટી આગની ઘટના બની હતી. પ્લેટફોર્મ નંબર ૨ પાસે આવેલા ટુ-વ્હીલર પાર્કિંગ વિસ્તારમાં સવારે અંદાજે ૬:૪૫ વાગ્યે અચાનક આગ લાગી હતી. થોડા જ સમયમાં આગે વિકરાળ સ્વરૂપ ધારણ કર્યું અને ત્યાં પાર્ક કરાયેલા ૨૦૦થી વધુ મોટરસાયકલ અને સ્કૂટર બળીને ખાખ થઈ ગયા.

આ પાર્કિંગ વિસ્તારમાં રોજિંદા ધોરણે લગભગ ૫૦૦થી વધુ ટુ-વ્હીલર પાર્ક કરવામાં આવે છે. આગ લાગ્યા સમયે પણ મોટી સંખ્યામાં વાહનો પાર્ક કરેલા હતા. વાહનોમાં રહેલા પેટ્રોલ અને અન્ય બળતણના કારણે આગ ઝડપથી ફેલાઈ હોવાનું પ્રાથમિક રીતે માનવામાં આવી રહ્યું છે. આગની ઊંચી જ્વાળાઓ અને ઘાટો ધુમાડો જોઈને મુસાફરો, સ્ટેશન સ્ટાફ અને આસપાસના સ્થાનિક લોકોમાં ભારે ગભરાટ ફેલાયો હતો.

આગની જાણ થતાં જ ફાયર અને રેસ્ક્યુ સર્વિસની ટીમો તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. અનેક ફાયર ટેન્ડરોની મદદથી લગભગ અડધા કલાકની મહેનત બાદ આગ પર કાબુ મેળવવામાં આવ્યો.

જો કે આગ બુઝાવી દેવામાં આવી હતી, પરંતુ લાંબા સમય સુધી વિસ્તારમાં ધુમાડો છવાયેલો રહ્યો, જેના કારણે મુસાફરોને તકલીફ પડી હતી.

પ્રત્યક્ષદર્શીઓના જણાવ્યા અનુસાર, ઘણા વાહનો સંપૂર્ણ રીતે બળી ગયા હતા અને માત્ર લોખંડનો બળેલો ભાગ જ બચ્યો હતો. કેટલાક વાહનોને આંશિક નુકસાન થયું હતું. પાર્કિંગમાં વાહન મૂકીને મુસાફરી માટે ગયેલા અનેક લોકો ઘટનાની જાણ થતાં જ સ્ટેશન પર પહોંચ્યા હતા, પરંતુ પોતાના વાહનો રાખમાં ફેરવાયેલા જોઈને તેઓ દુઃખી અને નિરાશ થયા હતા.હાલમાં આગ લાગવાનું ચોક્કસ કારણ જાણી શકાયું નથી. અધિકારીઓએ જણાવ્યું છે કે ઈલેક્ટ્રિક શોર્ટ સર્કિટ, ઈંધણ લીકેજ અથવા અન્ય કોઈ તકનીકી ખામીના કારણે આગ લાગી હોવાની શક્યતા છે. આ સમગ્ર ઘટનાની વિગતવાર તપાસ કરવામાં આવશે અને ત્યારબાદ સાચું કારણ જાહેર કરવામાં આવશે.

### સંયુક્ત રાષ્ટ્ર ચિંતિત, આંતરરાષ્ટ્રીય કાયદાનો થયો ભંગ

# વેનેઝુએલા મુદ્દે UN પણ અમેરિકાથી નારાજ: કહ્યું- દુનિયા માટે ખતરનાક ઉદાહરણ ઊભું કર્યું

## દુનિયાના તમામ દેશોએ આંતરરાષ્ટ્રીય કાયદા, સંયુક્ત રાષ્ટ્ર ચાર્ટરનું સન્માન કરવું જોઈએ

(સંપૂર્ણ સમાચાર સેવા)ન્યૂયોર્ક

વેનેઝુએલા પર અમેરિકાની કાર્યવાહીનો સંયુક્ત રાષ્ટ્રએ પણ વિરોધ કર્યો છે. સંયુક્ત રાષ્ટ્રના સચિવ એન્ટોનિયો ગુટેરેસે અમેરિકાની કાર્યવાહી પર ચિંતા વ્યક્ત કરતાં કહ્યું છે કે આ ખતરનાક ઉદાહરણ પૂરું પાડશે.

મહાસચિવના પ્રવક્તા સ્ટેફાન દુજારિકે કહ્યું છે, કે આ સૈન્ય કાર્યવાહીથી ક્ષેત્રીય સ્તરે ગંભીર અને ચિંતાજનક અસરની આશંકા છે. આ પ્રકારના ઘટનાક્રમ એક ખતરનાક ઉદાહરણ ઊભું કરે છે. દુનિયાના તમામ દેશોએ આંતરરાષ્ટ્રીય કાયદા, સંયુક્ત રાષ્ટ્ર ચાર્ટરનું સન્માન કરવું જોઈએ. અત્યંત ચિંતાની વાત છે કે આંતરરાષ્ટ્રીય કાયદાઓનો ભંગ કરવામાં આવ્યો. અમેરિકાની સેનાએ વેનેઝુએલાના સૈન્ય અડ્ડા પર ભીષણ હુમલો કર્યો. જે બાદ વેનેઝુએલાના પ્રમુખ નિકોલસ માદુરો અને તેમની પત્ની સિલિયા ફ્લોરેસને કેદ કરી લેવાયા. અમેરિકાની સેના તેમને વિશેષ વિમાનમાં ન્યૂયોર્ક લઈ ગઈ. અમેરિકા સતત વેનેઝુએલા પર ડ્રગ્સની હેરાફેરી અને નાર્કો આતંકવાદનો આરોપ લગાવતું રહ્યું છે. બીજી તરફ વેનેઝુએલાનો આરોપ છે કે અમેરિકાની આ કાર્યવાહી માત્રને માત્ર ક્રૂડ ઓઈલના ખજાના પર કબજો કરવા માટે છે.

અમેરિકાના પૂર્વ વાઈસ પ્રેસિડેન્ટ કમલા હેરિસે વેનેઝુએલા પર કરાયેલી કાર્યવાહી અંગે પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પની આકરી ટીકા કરી છે. તેમણે દાવો કર્યો છે કે આ ડ્રગ્સ કે લોકશાહી નહીં તેલ ( ક્રૂડ ઓઈલ )નો મામલો છે.અમેરિકાએ વેનેઝુએલા પર હુમલો કરી વેનેઝુએલાના પ્રમુખ નિકોલસ માદુરો અને તેમની પત્નીને કેદ કર્યા છે. જેને લઈને દુનિયાના અનેક દેશો સવાલ ઉઠાવી રહ્યા છે. એવામાં કમલા હેરિસે કહ્યું છે, કે વેનેઝુલા પર ટ્રમ્પની કાર્યવાહીથી અમેરિકા ના તો અધિક સુરક્ષિત છે, ના મજબૂત બન્યું છે. માદુરો ક્રૂર અને ગેરકાયદે તાનાશાહ હતા, પણ આ કાર્યવાહી પણ ગેરકાયદે જ છે. સત્તા પરિવર્તન અને ઓઈલ માટે યુદ્ધ છેવટે તો અરાજકતામાં જ પરિણમશે. જેની કિંમત અમેરિકાના પરિવારોએ ચૂકવવી પડશે. કમલા હેરિસે વધુમાં કહ્યું, કે અમેરિકાની જનતા ટ્રમ્પના જુઠ્ઠાણાથી કંટાળી ગઈ છે. આ ડ્રગ્સ કે લોકશાહીનો મામલો નથી. આ ઓઈલ અને ટ્રમ્પની તાકાતવર નેતા બનવાની ઈચ્છાનો મામલો છે. તેમને ડ્રગ્સ કે લોકશાહીની જ ચિંતા હોત તો ક્યારેય ડ્રગ્સ પેડલર્સને માફ ન કર્યા હોત. ટ્રમ્પ અમેરિકાના સૈનિકોને ખતરામાં નાંખી રહ્યા છે અને અબજો ડોલર ખર્ચો કરી રહ્યા છે. ટ્રમ્પ સમગ્ર ક્ષેત્રને અસ્થિર કરી રહ્યા છે. આ કાર્યવાહીથી દેશને કોઈ લાભ નથી. અમેરિકાને એવા નેતૃત્વની જરૂર છે જે અમેરિકાની જનતાને સર્વોપરી રાખે. અમેરિકાના પરિવારો માટે મોંઘવારી ઘટાડે. કાયદાનું શાસન લાગુ કરે.

# પ્રિયંકા ગાંધીને કોંગ્રેસ સંગઠનમાં પહેલીવાર મળી મોટી જવાબદારી: ગુજરાતના નેતાને પણ મોકો

## પહેલીવાર પ્રિયંકા ગાંધીને રાજ્ય સ્ક્રીનીંગ કમિટીની જવાબદારી સોંપવામાં આવી છે




(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

કોંગ્રેસે પાંચ રાજ્યોમાં આગામી વિધાનસભા ચૂંટણી માટે સ્ક્રીનીંગ કમિટીની રચના કરી છે. જેમાં કોંગ્રેસ સાંસદ પ્રિયંકા ગાંધીને આસામ સ્ક્રીનીંગ કમિટીના વડા તરીકે નિયુક્ત કરાયા છે. આ કોંગ્રેસ સંગઠનમાં પ્રિયંકા ગાંધીની પહેલી મોટી જવાબદારી છે. આ પહેલીવાર પ્રિયંકા ગાંધીને રાજ્ય સ્ક્રીનીંગ કમિટીની જવાબદારી સોંપવામાં આવી છે.

સ્ક્રીનીંગ કમિટી ઉમેદવારોની યાદી તૈયાર કરે છે, જેને પછી પાર્ટીની કેન્દ્રીય ચૂંટણી સમિતિ દ્વારા અંતિમ સ્વરૂપ આપવામાં આવે છે. પ્રિયંકા ગાંધી ઉપરાંત, મધુસુદન મિસ્ત્રીને કેરળ સ્ક્રીનીંગ કમિટીના વડા બનાવાયા છે. આ સિવાય ટીએસ સિંહ દેવને તમિલનાડુ અને પુડુચેરી માટે સ્ક્રીનીંગ કમિટીના વડા તરીકે જવાબદારી સોંપાઈ છે.

કોંગ્રેસના ૮૦ વર્ષના સિનિયર નેતા અને ગાંધી ફેમિલીના વિશ્વાસુ મધુસૂદન મિસ્ત્રીનો જન્મ ૧૯૪૫માં અમદાવાદના અસરાવામાં થયો હતો. ૧૯૯૯માં તે કોંગ્રેસમાં જોડાયા હતા, બે વખત લોકસભા અને એક વખત રાજ્યસભાના સાંસદ રહી ચૂક્યા છે. કેરળ, કર્ણાટક, અન UPમાં કોંગ્રેસ પાર્ટીનો હવાલો સંભાળી ચૂક્યા છે. ત્યારે હવે મધુસુદન મિસ્ત્રીને કેરળ સ્ક્રીનીંગ કમિટીમાં પ્રમુખનું સ્થાન મળ્યું છે. મહત્વનું છે કે પ્રિયંકા ગાંધીને સંગઠનમાં મોટી જવાબદારી મળશે તેવી ચર્ચાઓ ઘણા સમયથી હતી. પ્રિયંકા કોઈ રાજ્યમાં જઈ સંગઠનના એક પદ પર કામ કરશે તેવી આ પહેલી તક છે. કોંગ્રેસ અત્યારથી જ પાંચ રાજ્યોમાં આવી રહેલી ચૂંટણીને લઈને એલર્ટ મોડમાં છે. કોંગ્રેસે પશ્ચિમ બંગાળ બી.કે. હરિપ્રસાદને જવાબદારી સોંપી છે.

# ઓઈલ બાદ હવે ૫ ખજાના પર છે ટ્રમ્પની નજર

## કોલંબિયા સાથેના સંબંધોમાં તેમનો રસ મુખ્યત્વે આર્થિક અને વ્યૂહાત્મક સંસાધનો પર હોઈ શકે છે

(સંપૂર્ણ સમાચાર સેવા)કોલંબિયા

અમેરિકાએ તાજેતરમાં જ ઓઈલ સમૃદ્ધ દેશ વેનેઝુએલાને નિશાન બનાવતા ત્યાંના પ્રમુખને અટકાયતમા લઈ લીધા. ત્યારે હવે ડોનાલ્ડ ટ્રમ્પની વિદેશ નીતિ અને 'અમેરિકા ફર્સ્ટ' અભિગમને જોતા, કોલંબિયા સાથેના સંબંધોમાં તેમનો રસ મુખ્યત્વે આર્થિક અને વ્યૂહાત્મક સંસાધનો પર હોઈ શકે છે. કોલંબિયા દક્ષિણ અમેરિકાનો એક એવો દેશ છે જે કુદરતી સંપત્તિથી ભરપૂર છે. બીજી બાજુ વેનેઝુએલા બાદ ડોનાલ્ડ ટ્રમ્પ કોલંબિયાના પ્રમુખ ગુસ્તાવો પેટ્રોને ધમકાવી રહ્યા છે અને તેમને ડ્રગ્સ તસ્કરો વિરુદ્ધ કાર્યવાહી કરવા દબાણ કરી રહ્યા છે. એવું થઈ શકે કે વેનેઝુએલાની જેમ હવે ડોનાલ્ડ ટ્રમ્પ કોલંબિયામાં પણ કાર્યવાહી કરી શકે છે.

કોલંબિયા નીચે મુજબની બાબતોમાં અત્યંત સમૃદ્ધ છે, જેના પર ટ્રમ્પની નજર હોઈ શકે છે:

૧. ખનિજ સંપત્તિ અને તેલ

કોલંબિયા દક્ષિણ અમેરિકામાં તેલ ના મોટા ઉત્પાદકોમાંનું એક છે. ટ્રમ્પ હંમેશા ઉર્જા સુરક્ષા અને સસ્તા તેલના હિમાયતી રહ્યા છે. આ ઉપરાંત:

કોલસો: કોલંબિયા વિશ્વમાં કોલસાના સૌથી મોટા નિકાસકારોમાંનું એક છે.

સોનું અને પથ્થર: કોલંબિયામાં સોનાની ખાણો છે અને તે વિશ્વના શ્રેષ્ઠ પન્ના ના ઉત્પાદન માટે જાણીતું છે.

૨. વ્યૂહાત્મક ભૌગોલિક સ્થાન

કોલંબિયા એકમાત્ર એવો દક્ષિણ અમેરિકન દેશ છે જેની સરહદ એટલાન્ટિક અને પેસિફિક બંને મહાસાગરોને સ્પર્શે છે.

ટ્રમ્પ માટે આ લોજિસ્ટિક્સ અને દરિયાઈ વ્યાપાર પર નિયંત્રણ રાખવા માટે ખૂબ જ મહત્વનું સ્થાન છે.પનામા નહેરની નજીક હોવાને કારણે મધ્ય અમેરિકાના વ્યાપારી માર્ગો પર દેખરેખ રાખવા માટે તે ઉત્તમ દેશ છે.

૩. 'ક્રિટિકલ મિનરલ્સ'

આધુનિક ટેક્નોલોજી અને ઈલેક્ટ્રિક વાહનો માટે જરૂરી એવા ખનિજો જેમ કે નિકલ અને તાંબુ માં કોલંબિયા સમૃદ્ધ છે. અમેરિકા ચીન પરની નિર્ભરતા ઘટાડવા માટે આવા દેશો સાથે મજબૂત સંબંધો ઈચ્છે છે.

૪. ખેતી અને કોફી

કોલંબિયા વિશ્વનો ત્રીજો સૌથી મોટો કોફી ઉત્પાદક દેશ છે. અમેરિકા કોલંબિયાની કોફી અને ફૂલો માટેનું સૌથી મોટું બજાર છે. ટ્રમ્પ વ્યાપારી કરારો દ્વારા અમેરિકન કંપનીઓ માટે અહીં વધુ ફાયદાકારક શરતો ઈચ્છી શકે છે.

૫. ડ્રગ કંટ્રોલ અને માઈગ્રેશન

ટ્રમ્પના એજન્ડામાં હંમેશા 'ડ્રગ વોર' ટોચ પર રહ્યો છે. કોલંબિયા વિશ્વમાં કોકેનનું સૌથી મોટું ઉત્પાદક છે.

ટ્રમ્પ કોલંબિયા સરકાર પર દબાણ લાવી શકે છે કે તેઓ ડ્રગ કાર્ટેલ્સને ખતમ કરે જેથી અમેરિકામાં નશીલા પદાર્થોની હેરાફેરી રોકી શકાય.

ગેરકાયદેસર ઈમિગ્રેશન રોકવા માટે પણ કોલંબિયા એક મહત્વનું 'ગેટવે' છે.

ટ્રમ્પની નજર કોલંબિયાના તેલ, કોલસા અને વ્યૂહાત્મક લોકેશન પર વધુ હોઈ શકે છે જેથી અમેરિકાના આર્થિક હિતો સુરક્ષિત રહે અને દક્ષિણ અમેરિકામાં ચીન કે રશિયાનો પ્રભાવ વધતો અટકાવી શકાય.

# માદુરોની ધરપકડ બાદ વાઈસ પ્રેસિડેન્ટ ડેલ્સી રોડ્રિગ્ઝ વેનેઝુએલાની કમાન સંભાળશે

(સંપૂર્ણ સમાચાર સેવા)કોલંબિયા

વેનેઝુએલા પર અમેરિકાના હુમલા અને પ્રમુખ નિકોલસ માદુરોની ધરપકડ બાદ દેશમાં ગંભીર રાજકીય સંકટ ઉભું થયું છે. અમેરિકાના સેના પ્રમુખ માદુરો અને તેમના પત્નીને કારાકાસથી ન્યૂયોર્ક લઈ ગઈ છે, જેના પછી સૌથી મોટો સવાલ એ ઉભો થયો હતો કે વેનેઝુએલાની સત્તા હવે કોણ સંભાળશે? આ સંકટનો ઉકેલ વેનેઝુએલાની સુપ્રીમ કોર્ટે શોધી કાઢ્યો છે. વેનેઝુએલાની સુપ્રીમ કોર્ટે દેશમાં સર્જાયેલી અસાધારણ પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને ઉપપ્રમુખને વચગાળાના પ્રમુખ બનાવવાનો આદેશ આપ્યો છે. આ નિર્ણય અનુસાર, દેશમાં પરિસ્થિતિ સામાન્ય ન થાય ત્યાં સુધી, ઉપપ્રમુખ ડેલ્સી રોડ્રિગ્ઝ સત્તા સંભાળશે.પોતાના નિર્ણયમાં સુપ્રીમ કોર્ટે જણાવ્યું હતું કે, "દેશમાં વહીવટી સાતત્ય અને રાષ્ટ્રની વ્યાપક સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે, ઉપપ્રમુખ ડેલ્સી રોડ્રિગ્ઝ વેનેઝુએલાના બોલિવેરિયન ગણરાજ્યના પ્રમુખનું પદ સંભાળશે."






# ઈરાનમાં મોંઘવારી અને આર્થિક સંકટના કારણે વિરોધ પ્રદર્શનો તેજ: હિંસામાં ૪ લોકોના થયા મોત

## આ તમામની વચ્ચે પશ્ચિમ ઈરાનમાં પ્રદર્શનકારીઓ અને સુરક્ષા દળો વચ્ચે અથડામણ થઈ રહી છે

(સંપૂર્ણ સમાચાર સેવા)ઈરાન

ઈરાનમાં હિંસક પ્રદર્શનો યથાવત્ છે. જનતાનો રોષ ચરમસીમાએ પહોંચ્યો છે. આર્થિક સંકટના કારણે લોકોમાં રોષ વધી રહ્યો છે. આ તમામની વચ્ચે પશ્ચિમ ઈરાનમાં પ્રદર્શનકારીઓ અને સુરક્ષા દળો વચ્ચે અથડામણ થઈ રહી છે. બે માનવાધિકાર સંગઠનોએ આરોપ લગાવ્યો છે કે, રિવોલ્યૂશનરી ગાર્ડસે પ્રદર્શનકારીઓ પર ફાયરીંગ કરી હતી. દેશભરમાં અનેક શહેરોમાં વિરોધ યથાવત્ છે.

નોર્વે સ્થિત માનવાધિકાર સંગઠન હેંગોએ કહ્યુ છે કે, પશ્ચિમી ઈરાનના ઈલામ પ્રાંતના માલેકશાહી વિસ્તારમાં રિવોલ્યૂશનરી ગાર્ડસે પ્રદર્શનકારીઓ પર ફાયરિંગ કરી હતી. તેમાં ઈરાનના અલ્પસંખ્યક સમુદાયના ૪ લોકોની મોત થઈ હતી. સંગઠને જણાવ્યુ હતુ કે, આ મામલે તપાસ ચાવલુ છે કે, તેમાં વધુ બે લોકોના મોત થયા છે કે નહી. ફાયરિંગમાં ૧૨થી વધુ લોકોના મોત થયા છે. ૧૭૪ સ્થળોએ વિરોધ પ્રદર્શનો ચાલુ છે.

આ હિંસક પ્રદર્શનો ગયા અઠવાડિએ ત્યારે શરુ થયા જ્યારે તેહરાનના પ્રખ્યાત વેપારીઓએ મોંઘવારીને કારણે પોતાની દુકાનો બંધ કરી હતી. અને આ પ્રદર્શનો દેશના અન્ય શહેરોમાં ફેલાયા હતા. આ વિરોધ ૨૮ ડિસેમ્બર ૨૦૨૫ના રોજ તેહરાનમાં શરુ થયા હતા. દુકાનદારોએ મોંઘવારી અને આર્થિક સંકટના કારણે દુકાનો બંધ કરી હતી. ઈરાનવાસીઓનો રોષ ત્યારે ભભૂક્યો હતો. જ્યારે ઈરાનની કરંસી રિયાલ નીચે પડીને રેકોર્ડના નીચલા સ્તરે પહોંચીને એક ડોલરના મુકાબલામાં ૧૪.૨ લાખ રિયાલ હતી.

# તંત્રી લેખ......

## ઉત્તર ભારતમાં ઠંડીનું મોજું ફરી વળ્યું

નવા વર્ષના પહેલા અઠવાડિયામાં ઉત્તર ભારતમાં ઠંડીનું મોજું ફરી વળ્યું છે. દિલ્હી, પંજાબ, હરિયાણા અને ઉત્તર પ્રદેશ સહિત મેદાની વિસ્તારોમાં ગાઢ ધુમ્મસ અને ઠંડી ના મોજાએ સામાન્ય જનજીવનને ખોરવી નાખ્યું છે, જ્યારે જમ્મુ અને કાશ્મીર અને હિમાચલ પ્રદેશના ઉપરના ભાગોમાં તાજી હિમવર્ષા એ પ્રવાસીઓને આકર્ષ્યા છે. સવારે અને સાંજે ગાઢ ધુમ્મસ છવાયેલું રહે છે, જેના કારણે દૃશ્યતામાં ઘટાડો થાય છે. લઘુત્તમ તાપમાન ૮-૯ ડિગ્રી સેલ્સિયસની આસપાસ રહે છે, મહત્તમ તાપમાન ૧૬-૧૮ ડિગ્રી સેલ્સિયસ રહે છે. વિવિધ વિસ્તારોમાં ઠંડી ની સ્થિતિ ચાલુ રહે છે, જેના પરિણામે દિવસ ઠંડો રહે છે. હવાઈ અને રેલ ટ્રાફિક પ્રભાવિત થયો છે, ઘણી ફ્લાઈટ્સ મોડી પડી છે. લખનૌ, વારાણસી અને પ્રયાગરાજ સહિત ઉત્તર પ્રદેશના અનેક જિલ્લાઓમાં ધુમ્મસના કારણે ટ્રાફિક જામ અને અકસ્માતોનું જોખમ સર્જાયું છે.

રાજ્યભરમાં ભારે ઠંડી પ્રવર્તી રહી છે. આગામી થોડા દિવસો સુધી રાહતની કોઈ આશા નથી. શનિવારે રાજધાની ધુમ્મસ મુક્ત રહી હતી, પરંતુ ઠંડીના મોજાને કારણે દિવસનું તાપમાન ૧૬.૩ ડિગ્રી સેલ્સિયસ સુધી ઘટી ગયું હતું. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, લખનૌ સહિત ઘણા જિલ્લાઓમાં આગામી ત્રણ દિવસ માટે કોલ્ડવેવ એલર્ટ જારી કરવામાં આવ્યું છે, જ્યારે બાંદા, ચિત્રકૂટ, પ્રયાગરાજ સહિત લગભગ ૩૦ જિલ્લાઓમાં ગાઢ ધુમ્મસની આગાહી કરવામાં આવી છે. ઘણા જિલ્લાઓમાં ધુમ્મસને કારણે સવારે શૂન્ય દૃશ્યતા નોંધાઈ હતી. રવિવાર અને સોમવારે લઘુત્તમ તાપમાનમાં ચાર ડિગ્રી સેલ્સિયસનો ઘટાડો થઈ શકે છે, જેના કારણે ઠંડીમાં વધારો થશે અને આ સમય દરમિયાન ધુમ્મસ પણ ગાઢ બનશે. બે ડઝનથી વધુ જિલ્લાઓમાં સવારની દૃશ્યતા શૂન્ય રહી શકે છે. રાજધાની સહિત પૂર્વી અને મધ્ય યુપીના ઘણા જિલ્લાઓમાં ત્રણ-ચાર દિવસ સુધી સૂર્યપ્રકાશ જોવા મળશે નહીં.

ગત વર્ષ દરમિયાન વિવિધ વેપારીઓ પાસેથી વિવિધ ગેરરીતિ બદલ કાનૂની માપવિજ્ઞાન તંત્ર દ્વારા કુલ રૂ.૧૮.૭૭ લાખથી વધુની માંડવાળ ફી વસૂલ કરાઈ

# તોલમાપ તંત્ર દ્વારા રાજ્યની ૩૭૦ જેટલી સોના- ચાંદી દુકાનો અને જ્વેલરી શો રૂમ પર આકસ્મિક તપાસ ઝુંબેશ હાથ ધરાઈ

### રાજ્યના ૨૫ જિલ્લાઓમાં વિવિધ એકમો ઉપર ૨૫૩ જેટલા પ્રોસિક્યુશન કેસ કરીને રૂ.૬.૭૯ લાખની માંડવાળ ફી સ્થળ પર જ વસૂલાઈ






ગ્રાહકોના હિતોની રક્ષા,વેપારમાં પારદર્શિતા અને યોગ્ય માપતોલ સુનિશ્ચિત કરવા મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શનમાં કાનૂની માપવિજ્ઞાન તંત્ર દ્વારા રાજ્યભરમાં નિયમિત રીતે કાર્યવાહીની સાથે ગ્રાહક જાગૃતિ અભિયાન હાથ ધરવામાં આવી રહ્યા છે.

આ અભિયાનના ભાગરૂપે ગ્રાહક સુરક્ષા બાબતોના મંત્રી શ્રી રમણ સોલંકી તેમજ રાજ્ય મંત્રી શ્રી પી.સી બરંડાના નેતૃત્વમાં તોલમાપ તંત્ર દ્વારા તા. ૦૨ અને ૦૩ જાન્યુઆરી-૨૦૨૬ના રોજ રાજ્યના ૩૭૦ જેટલા સોના–ચાંદીના વેપારીઓ તથા જ્વેલરી શો રૂમ પર સામૂહિક આકસ્મિક તપાસ ઝુંબેશ હાથ ધરાવામાં આવી હતી. જેમાં તોલમાપ તંત્રના અધિકારીઓ દ્વારા રાજ્યના ૨૫ જિલ્લાઓમાં ૨૫૩ પ્રોસિક્યુશન કેસ નોંધી કાયદેસરની કાર્યવાહી કરીને રૂ.૬,૭૯,૦૦૦/-જેટલી માંડવાળ ફીની વસૂલાત કરવામાં આવી છે. આ તમામ માંડવાળ ફીની વસૂલાત સ્થળ ઉપર જ **E POS-upi-e payment** અને ચેકથી વસૂલવામાં આવી છે તેમ, કાનૂની માપવિજ્ઞાન તંત્ર, ગાંધીનગર દ્વારા જણાવાયું છે.

આ તપાસમાં મુખ્યત્વે અમદાવાદમાં સૌથી વધુ ૬૧ એકમોની તપાસ સામે ૨૨ કેસ, ભરૂચ-નર્મદામાં ૨૭ એકમોની તપાસ સામે ૨૫ કેસ, જૂનાગઢ-ગીરસોમનાથમાં ૨૧ એકમોની તપાસ સામે ૨૦ કેસ, ભાવનગર/બોટાદમાં ૨૦ એકમોની તપાસ સામે ૧૭ કેસ તથા સુરતમાં ૨૦ એકમોની તપાસ સામે ૧૪ કેસ દાખલ કરવામાં આવ્યા છે. આ સિવાય તપાસમાં ગાંધીનગર, વડોદરા,પાટણ ,છોટાઉદેપુર, તાપી, વલસાડ, ડાંગ, નવસારી, આણંદ, ખેડા, પંચમહાલ, દાહોદ, મહીસાગર, પોરબંદર, અમરેલી, જામનગર, દેવભૂમિ દ્વારકા, સુરેન્દ્રનગર, મહેસાણા, બનાસકાંઠા-પાલનપુર, સાબરકાંઠા-હિંમતનગર, અરવલ્લી-મોડાસા, રાજકોટ અને મોરબી જિલ્લાનો સમાવેશ થાય છે.

કાનૂની માપવિજ્ઞાન તંત્રના જણાવ્યા મુજબ ઝુંબેશ દરમિયાન રાજ્યના અલગ-અલગ સોના–ચાંદીના વેપારીઓ તથા જ્વેલરી શો રૂમની આકસ્મિક તપાસણી હાથ ધરતાં નિયત કાયદા હેઠળના અમલીકરણ નિયમ/કલમોના ભંગ બદલ એકમો સામે ગુન્હાઓ નોંધી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી છે. આ ઝુંબેશ દરમિયાન સોના–ચાંદીના વેપારીઓ તથા જ્વેલરી શો રૂમમાં વપરાતા વજનકાંટાની તપાસ કરતાં ચકાસણી-મુદ્રાંકન સિવાયના વજન-માપ ઉપયોગમાં લેવા, નિયત વજન કરતાં ઓછું વજન આપવું, ફેર ચકાસણી અને મુદ્રાંકન કરાવ્યા સિવાયના વજનમાપ ઉપયોગમાં લેવા, ચોકસાઈ ચકાસવા માટે ચકાસણી અને મુદ્રાંકન થયેલ સિવાયના વજનો રાખવા, ખરાઈ પ્રમાણપત્ર પ્રદર્શિત ન કરવું જેવી વિવિધ ગેરરીતિઓ સામે આવી છે.

કાનૂની માપવિજ્ઞાન તંત્ર દ્વારા ગત વર્ષ દરમિયાન સફળતાપૂર્વક હાથ ધરવામાં આવેલા વિશેષ અભિયાનોઃ-

દિવાળીના તહેવાર દરમિયાન સમગ્ર રાજ્યમાં કુલ-૩૩૨ જેટલી મીઠાઈ/ફરસાણ/ડ્રાયફ્રુટની દુકાનો/ગિફ્ટ શોપ મીઠાઈની દુકાનોની તપાસ કરી ગેરરીતિ બદલ કુલ ૧૨૬ એકમો સામે ગુન્હો નોંધીને માંડવાળ ફી તરીકે રૂ.૫,૯૧,૫૦૦/- વસૂલ કરવામાં આવી હતી.

જુલાઈ-૨૦૨૫ દરમિયાન સમગ્ર રાજ્યમાં પેટ્રોલ-ડીઝલ પંપની તપાસણી અંગેની ઝુંબેશ દરમિયાન રાજ્યમાં કુલ-૨૭૬ પેટ્રોલ-ડીઝલ પંપની તપાસ કરી ગેરરીતિ બદલ કુલ ૧૯ એકમો સામે ગુન્હો નોધવામાં આવેલ અને માંડવાળ ફી તરીકે રૂ.૬૯,૫૦૦/- વસૂલ કરાઈ.

મે-૨૦૨૫ દરમિયાન રાજ્યના અલગ-અલગ જિલ્લાઓમાં આવેલ ખાતર/બિયારણ/જંતુનાશક દવાઓ તથા ખેતીના સાધનોના વિક્રેતાઓ ની તપાસણી અંગેની ઝુંબેશ દરમિયાન રાજ્યમાં કુલ-૩૯૭ વિક્રેતાની તપાસ કરી ગેરરીતિ બદલ કુલ-૨૧૦ વિક્રેતા સામે ગુન્હો નોંધીને માંડવાળ ફી તરીકે રૂ.૫,૮૪,૦૦૦/- વસૂલ કરવામાં આવી હતી.

મે-૨૦૨૫ દરમિયાન રાજ્યના અલગ-અલગ જિલ્લાઓમાં આવેલ **FCI/CWC/FCI**ના અધિકૃત ગોડાઉનની તપાસણી અંગેની ઝુંબેશ દરમિયાન રાજ્યમાં કુલ-૩૮ ગોડાઉનની તપાસ કરી ગેરરીતિ બદલ કુલ-૩ ગોડાઉન સામે ગુન્હો નોંધીને માંડવાળ ફી તરીકે રૂ.૧૪,૦૦૦/- વસૂલ કરવામાં આવી.

ફેબ્રુઆરી-૨૦૨૫ દરમિયાન સમગ્ર રાજ્યની હાઈવે હોટલની તપાસણી અંગેની ઝુંબેશ દરમિયાન રાજ્યમાં કુલ-૪૧૯ હાઈવે હોટલની તપાસ કરી ગેરરીતિ બદલ કુલ-૧૬૯ એકમો સામે ગુન્હો નોંધીને માંડવાળ ફી તરીકે રૂ.૬,૧૮,૫૦૦/- વસૂલ કરવામાં આવ્યા હતા.

આમ, વર્ષ દરમિયાન વેપારીઓ પાસેથી વિવિધ ગેરરીતિ બદલ કાનૂની માપવિજ્ઞાન તંત્ર દ્વારા કુલ રૂ. ૧૮.૭૭ લાખથી વધુની માંડવાળ ફી વસૂલ કરીને રાજ્યના ગ્રાહકોના હિતમાં સરાહનીય કામગીરી કરવામાં આવી છે.

- જનક દેસાઈ

અરવલ્લીનો ૩૧% હિસ્સો જોખમમા

## ભૂગર્ભ જળ સંગ્રહ અટકી જશે, કેન્દ્રના દાવાને નકારતી સ્ટડી

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

કેન્દ્ર સરકારનો દાવો છે કે અરવલ્લી પર્વતમાળાની નવી વ્યાખ્યા એટલે કે ૧૦૦ મીટરની લિમિટને કારણે માત્ર ૦.૧૯ ટકા હિસ્સો જ ખનન માટે લાયક છે. જોકે કેન્દ્રના આ દાવાને ફગાવતી એક સ્ટડી સામે આવી છે. જેમાં દાવો કરવામાં આવ્યો છે કે અરવલ્લીનો ત્રીજો હિસ્સો એટલે કે લગભગ ૩૩ ટકા ભાગ અત્યંત જોખમભરી સ્થિતિમાં છે.

સેટેલાઈટના ડેટાના ઉપયોગથી તૈયાર કરાયેલા આ સ્વતંત્ર સંશોધનમાં જણાવવામાં આવ્યું છે કે અરવલ્લીનો ૩૧.૮ ટકા હિસ્સો એવો છે કે જે ૧૦૦ મીટરની કેન્દ્રની વ્યાખ્યા હેઠળ આવે છે. એનો અર્થ એમ થયો કે ૩૧ ટકા હિસ્સો ખનન માટે પસંદ કરવામાં આવી શકે છે જેને કારણે અરવલ્લી પર મોટું જોખમ છે. ક્લાઈમેટ વૈજ્ઞાનિક અને પર્યાવરણ એક્ટિવિસ્ટ ડો. સુધાંશુએ કહ્યું હતું કે પોલિસી ગેપને ગંભીર રીતે ઉજાગર કરે તેવું આ સંશોધન છે. નીચી પહાડીઓ છે તેને વેસ્ટ લેન્ડ તરીકે ખોટી રીતે દર્શાવવામાં આવી રહી છે.

હરિયાણા, રાજસ્થાન, દિલ્હીના લાખો લોકો પર પર્યાવરણ અને જળનું જોખમ વધી શકે છે. જો અરવલ્લી વિસ્તારમાં ખોદકામની છૂટ આપવામાં આવી અને ખનન થવા લાગ્યું તો રાજસ્થાનનું રણ છે તે વધવા લાગશે. થાર પ્રાંતનું પ્રમાણ વધશે.

એટલુ જ નહીં જયપુર, ગુરુગ્રામ, અને દિલ્હીના નાગરિકોને જે પીવાનું પાણી મળી રહ્યું છે તે છીનવાઈ જશે કેમ કે આ પહાડીઓ ભુગર્ભમાં જળ સંગ્રહ તરીકેનું કામ કરે છે.

હાલમાં ચિત્તોડગઢ, નાગૌર, બુંદી, સવાઈ માધોપુર જેવા વિસ્તારોમાં માઈનિંગ થઈ રહ્યું છે જેને તાત્કાલીક અટકાવવાની જરૂર છે કેમ કે આ વિસ્તાર પણ અરવલ્લી પર્વતમાળા હેઠળ આવે છે.

## રેલવે સુરક્ષા બળ (RPF) અમદાવાદ દ્વારા ઓટો ચાલકો સામે મોટી કાર્યવાહી



પશ્ચિમ રેલવેના અમદાવાદ રેલવે સ્ટેશન પર ઓટો ચાલકો દ્વારા મુસાફરો સાથે અભદ્ર વર્તન કરવું તથા નિર્ધારિત દરો કરતાં વધુ ભાડું વસૂલવા અંગે સતત ફરિયાદો મળી રહી હતી. આ ફરિયાદોને ગંભીરતાથી લઈ રેલવે સુરક્ષા બલ **(RPF)** અમદાવાદ દ્વારા સમયાંતરે અસરકારક કાર્યવાહી કરવામાં આવી રહી છે. આ જ ક્રમમાં આજે તા. ૦૪.૦૧.૨૦૨૫ના રોજ રેલવે સુરક્ષા બલ, અમદાવાદ દ્વારા વિશેષ અભિયાન ચલાવી નિયમોનું ઉલ્લંઘન કરનાર ઓટો ચાલકો સામે કડક કાર્યવાહી કરવામાં આવી. આ કાર્યવાહી દરમિયાન કુલ ૬ ઓટો ચાલકોના ઓટો જપ્ત કરવામાં આવ્યા તથા સંબંધિત ઓટો ચાલકો સામે રેલવે અધિનિયમની જોગવાઈઓ હેઠળ જરૂરી કાનૂની કાર્યવાહી કરવામાં આવી.

રેલવે સુરક્ષા બલ, અમદાવાદ મુસાફરોની સુરક્ષા, સન્માન અને સુવિધાને સર્વોચ્ચ પ્રાથમિકતા આપે છે. ભવિષ્યમાં પણ મુસાફરોને કોઈપણ પ્રકારની અસુવિધા અથવા અનિયમિતતા ન થાય તે માટે આવા કેસોમાં કડક નજર રાખવામાં આવશે અને જરૂરીયાત અનુસાર કડક કાર્યવાહી સતત ચાલુ રહેશે.

## સાબરમતી અને ખોડિયાર વચ્ચે સ્થિત રેલ્વે ક્રોસિંગ નંબર ૨૪૦ (ત્રાગડ રોડ ફાટક) બંધ રહેશે

પશ્ચિમ રેલ્વેના અમદાવાદ ડિવિઝન પર સાબરમતી-ખોડિયાર સ્ટેશનો વચ્ચે સ્થિત રેલ્વે ક્રોસિંગ નંબર ૨૪૦ કિમી ૭૭૩/૪-૬ (ત્રાગઢ રોડ ગેટ) ૦૫ જાન્યુઆરી ૨૦૨૬ ના રોજ ૦૦.૦૦ વાગ્યા થી ૦૮.૦૦ વાગ્યા સુધી અને બપોરે ૧૫.૦૦ થી ૧૮.૦૦ વાગ્યા સુધી તાત્કાલિક સમારકામ કાર્ય માટે બંધ રહેશે.

આ સમયગાળા દરમિયાન રોડ યુઝર્સ લેવલ ક્રોસિંગ નંબર ૨૪૧ અંડરપાસ ગોદરેજ ગાર્ડન સિટી અને એસ.જી. હાઈવે થઈને મુસાફરી કરી શકશે.

વિરોધ કરનારા દેશો અને નેતાઓ

## વેનેઝુએલા પર હુમલાની સાથે જ દુનિયા બે ભાગમાં વહેંચાઈ

### આ ઘટનાએ આંતરરાષ્ટ્રીય કાયદા, દેશની સાર્વભૌમત્વ અને સૈન્ય હસ્તક્ષેપને લઈને નવી ચર્ચા છેડી દીધી છે

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

અમેરિકા દ્વારા વેનેઝુએલા પર કરવામાં આવેલી સૈન્ય કાર્યવાહી અને પ્રમુખ નિકોલસ માદુરો તથા તેમના પત્નીની ધરપકડ બાદ વૈશ્વિક રાજકારણમાં મોટો ભૂકંપ આવ્યો છે. દુનિયાની મોટી શક્તિઓ આ મુદ્દે બે સ્પષ્ટ જૂથોમાં વહેંચાઈ ગઈ છે. રશિયા અને ચીન જેવા દેશોએ આને ખુલ્લો હુમલો ગણાવીને આકરી નિંદા કરી છે, જ્યારે કેટલાક દેશોએ અમેરિકાના આ પગલાનું સમર્થન કર્યું છે. આ ઘટનાએ આંતરરાષ્ટ્રીય કાયદા, દેશની સાર્વભૌમત્વ અને સૈન્ય હસ્તક્ષેપને લઈને નવી ચર્ચા છેડી દીધી છે.

રશિયાઃ રશિયાના વિદેશ મંત્રાલયે અમેરિકાને એક સાર્વભૌમ દેશના કાયદેસર રીતે ચૂંટાયેલા પ્રમુખ અને તેમના પત્નીને તાત્કાલિક મુક્ત કરવાની અપીલ કરી છે. રશિયાએ કહ્યું કે કોઈપણ વિવાદનો ઉકેલ માત્ર સંવાદ દ્વારા જ લાવી શકાય છે.

ચીનઃ ચીને અમેરિકન હવાઈ હુમલાને 'દાદાગીરીભર્યું પગલું' ગણાવ્યું અને કહ્યું કે આ આંતરરાષ્ટ્રીય કાયદા અને સંયુક્ત રાષ્ટ્ર ચાર્ટરનું ગંભીર ઉલ્લંઘન છે.

બ્રાઝિલઃ બ્રાઝિલના પ્રમુખ લુઈઝ ઈનાસિયો લુલા દા સિલ્વાએ આ કાર્યવાહીને 'અસ્વીકાર્ય હદ' ગણાવી અને કહ્યું કે આ વેનેઝુએલાની સાર્વભૌમત્વ પર ગંભીર હુમલો છે.

મેક્સિકોઃ મેક્સિકોના પ્રમુખ ક્લાઉડિયા શિનબામે માદુરોની ધરપકડની નિંદા કરી અને કહ્યું કે જો અમેરિકા વેનેઝુએલાનું શાસન પોતાના હાથમાં લેશે તો તેમનું કેબિનેટ સંબંધોની સમીક્ષા કરશે.

સમર્થન કરનારા દેશો અને નેતાઓ

કેટલાક દેશો અને નેતાઓએ અમેરિકાની આ કાર્યવાહીનું ખુલ્લેઆમ સમર્થન કર્યું છે.

આર્જેન્ટિનાઃ પ્રમુખ જેવિયર મિલેઈએ સોશિયલ મીડિયા પર લખ્યું, 'આઝાદી આગળ વધી રહી છે. આઝાદી ઝિંદાબાદ.'

ઈક્વાડોરઃ પ્રમુખ ડેનિયલ નોબોઆએ કહ્યું કે 'નાર્કો-ચાવિસ્ટા અપરાધીઓ'નો અંત નજીક છે.

કેનેડાઃ વડાપ્રધાન માર્ક કાર્નીએ કહ્યું કે તેમની સરકાર વેનેઝુએલાના લોકો માટે લોકશાહી, શાંતિ અને સમૃદ્ધિના અવસરનું સ્વાગત કરે છે.

ઈલોન મસ્કઃ ટેક અબજોપતિ મસ્કે ઠ પર લખ્યું, 'અભિનંદન, પ્રમુખ ટ્રમ્પ. આ સમગ્ર વિશ્વની જીત છે અને દરેક જગ્યાએ રહેલા દુષ્ટ સરમુખત્યારો માટે સ્પષ્ટ સંદેશ છે.'

સંયમ અને સાવચેતીભર્યું વલણયુરોપના મોટાભાગના દેશોએ સાવચેતીભર્યું વલણ અપનાવ્યું છે.

ઈટાલીઃ વડાપ્રધાન જ્યોર્જિયા મેલોનીએ કહ્યું કે બાહ્ય સૈન્ય કાર્યવાહી યોગ્ય માર્ગ નથી, પરંતુ માદક પદાર્થોની તસ્કરીને પ્રોત્સાહન આપતા રાજ્યો સામે રક્ષણાત્મક હસ્તક્ષેપ કાયદેસર હોઈ શકે છે.

બ્રિટનઃ વડાપ્રધાન કીયર સ્ટાર્મરે સ્પષ્ટ કર્યું કે બ્રિટન આ કાર્યવાહીમાં સામેલ નહોતું, પરંતુ તેમણે કહ્યું કે બ્રિટન લાંબા સમયથી વેનેઝુએલામાં સત્તા પરિવર્તનનું સમર્થન કરતું રહ્યું છે અને માદુરોને ગેરકાયદેસર પ્રમુખ માનતું રહ્યું છે.

ફ્રાન્સઃ પ્રમુખ ઈમેન્યુઅલ મેક્રોને કહ્યું કે વેનેઝુએલાના લોકો નિકોલસ માદુરોની તાનાશાહીમાંથી મુક્ત થયા છે અને આગામી સત્તા પરિવર્તન શાંતિપૂર્ણ અને લોકતાંત્રિક હોવું જોઈએ.

યુરોપિયન યુનિયનઃ EUએ તમામ પક્ષોને સંયમ રાખવાની અને આંતરરાષ્ટ્રીય કાયદાનું સન્માન કરવાની અપીલ કરી છે.

અમેરિકામાં જ વિરોધ

અમેરિકાની અંદર પણ આ કાર્યવાહીનો તીખો વિરોધ જોવા મળ્યો.

ન્યૂયોર્કના મેયરઃ મેયર મમદાનીએ કહ્યું કે કોઈ સાર્વભૌમ દેશ પર એકપક્ષીય હુમલો યુદ્ધની કાર્યવાહી છે અને આ આંતરરાષ્ટ્રીય કાયદાનું ઉલ્લંઘન છે.

બર્ની સેન્ડર્સઃ સેનેટર બર્ની સેન્ડર્સે ટ્રમ્પ પર કાયદા પ્રત્યે અનાદરનો આરોપ લગાવ્યો અને આને 'ખુલ્લો સામ્રાજ્યવાદ' ગણાવ્યો. તેમણે કહ્યું કે આ પગલું અમેરિકા અને દુનિયા બંનેને ઓછું સુરક્ષિત બનાવે છે.

ટ્રમ્પની ભવિષ્યની યોજના

માદુરોની ધરપકડ બાદ પ્રેસ કોન્ફરન્સમાં ટ્રમ્પે કહ્યું કે અમેરિકા ત્યાં સુધી વેનેઝુએલાને 'ચલાવશે', જ્યાં સુધી સત્તાનું સુરક્ષિત હસ્તાંતરણ ન થઈ જાય. તેમણે એ પણ કહ્યું કે અમેરિકા વેનેઝુએલાના વિશાળ તેલ ભંડારનો ઉપયોગ કરશે અને અન્ય દેશોને મોટી માત્રામાં તેલ વેચશે.

## જામનગરમાં રાજ્ય વેરા નિરીક્ષક વર્ગ-૩ની લેવાયેલી પરીક્ષા શાંતિપૂર્ણ માહોલમાં સંપન્ન

(સંપૂર્ણ સમાચાર સેવા)જામનગર

ગુજરાત જાહેર સેવા આયોગ, ગાંધીનગર દ્વારા આયોજિત રાજ્ય વેરા નિરીક્ષક વર્ગ-૩ ની લેખિત પરીક્ષાઓ આજે લેવામાં આવી હતી. જે શાંતિપૂર્ણ માહોલમાં સંપન્ન થઈ હતી.

પરીક્ષાઓ દરમિયાન ચોરીના દુષણના કારણે તેજસ્વ વિધાર્થીઓ ને નિયમાનુસાર પરીક્ષા આપવામાં અડચણ થાય નહી તે માટે જામનગર જિલ્લા ના પરીક્ષા કેન્દ્રોની આસપાસ કાયદો-વ્યવસ્થા જળવાઈ રહે અને પરીક્ષા સુચારુ રીતે પૂર્ણ થાય તે હેતુસર પરીક્ષા કેન્દ્રોની આસપાસના ઝેરોક્ષ સેન્ટર્સ અને કોપીયર મશીન પરીક્ષાના સમય દરમિયાન બંધ રહે, તેમજ પરીક્ષા કેન્દ્રો પર કોઈપણ વ્યક્તિ મોબાઈલ ફોન, ઈલેક્ટ્રોનિક સાધનો, કેલ્ક્યુલેટર, ઈલેક્ટ્રોનિક વોચ અને અન્ય અનધિકૃત સાહિત્ય વગેરે સાથે ના લઈ જાય તે માટે પ્રતિબંધાત્મક હુકમો ફરમાવતું જાહેરનામું અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા બહાર પાડવામાં આવ્યું હતું.

નવસર્જન સંસ્કૃતિમાં આપના વિસ્તારની સમસ્યા, સંસ્થાના વિકાસલક્ષી સમાચાર, બાળકોના જન્મદિવસની શુભેચ્છા, સગા-સંબંધીઓનું બેસણું/શ્રદ્ધાંજલિ, વેપાર-ધંધાની જાહેર ખબર તેમજ ન્યૂઝપેપર માટે સંપર્ક કરો.

ગાંધીનગર - સાબરકાંઠા - અરવલ્લી જીલ્લો

બ્યુરોચીફ : યુનુસ મેમણ
(મો.૭૯૮૪૮૩૬૩૭૧)
પોલોગ્રાઉન્ડ, અલકાપુરી ચાર રસ્તા પાસે, હિંમતનગર.
Email : yunushmemon@gmail.com

## સીંગલદા ગામમાં કપાસની આડમાં કરાયેલું ગાંજાનું વાવેતર ઝડપાયુ

### આ બાતમીના આધારે પોલીસે ત્વરિત કાર્યવાહી કરી ખેતરમાં દરોડો પાડ્યો હતો

(સંપૂર્ણ સમાચાર સેવા)છોટાઉદેપુર

ગુજરાતમાં નશાબંધીના કડક અમલ વચ્ચે છોટાઉદેપુર જિલ્લા **SOG** પોલીસને એક મોટી સફળતા મળી છે. જિલ્લાના ક્વાંટ તાલુકાના સીંગલદા ગામેથી પોલીસે લાખોની કિંમતનો લીલો ગાંજો ઝડપી પાડી નશાના કારોબારીઓ સામે લાલ આંખ કરી છે. છોટાઉદેપુર **SOG** પોલીસને ચોક્કસ બાતમી મળી હતી કે, ક્વાંટ તાલુકાના સીંગલદા ગામે રહેતા ભગુભાઈ બુઠીયાભાઇ રાઠવાએ પોતાના ખેતરમાં કપાસ કે અન્ય પાકની આડમાં નશીલા પદાર્થ ગાંજાનું વાવેતર કર્યું છે. આ બાતમીના આધારે પોલીસે ત્વરિત કાર્યવાહી કરી ખેતરમાં દરોડો પાડ્યો હતો.પોલીસની તપાસ દરમિયાન ખેતરમાંથી વનસ્પતિજન્ય લીલા ગાંજાના નાના-મોટા કુલ ૧૫૧ છોડ મળી આવ્યા હતા. પોલીસ દ્વારા કરવામાં આવેલા પંચનામા મુજબઃ

કુલ વજનઃ ૧૨૪.૭૯૦ કિલોગ્રામ (લીલો ગાંજો)

અંદાજિત કિંમતઃ રૂ. ૬૯,૩૯,૦૦૦

પોલીસે આ તમામ જથ્થો જપ્ત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

આરોપીની ધરપકડ અને કાયદેસરની કાર્યવાહી

આ મામલે ખેતરના માલિક ભગુભાઈ બુઠીયાભાઈ રાઠવાની ઘટનાસ્થળેથી જ અટકાયત કરવામાં આવી છે. ક્વાંટ પોલીસ મથકમાં આરોપી વિરુદ્ધ **NDPS**ની વિવિધ કલમો હેઠળ ગુનો નોંધવામાં આવ્યો છે.

આ ગાંજાના છોડનું બિયારણ ક્યાંથી લાવવામાં આવ્યું હતું? અને આ જથ્થો તૈયાર થયા બાદ ક્યાં સપ્લાય કરવાનો હતો? તે દિશામાં પોલીસે તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.

નવસર્જન સંસ્કૃતિ



નવસર્જન સંસ્કૃતિ

એક શુભેચ્છક

RNI No. GUJGUJ/2016/70752 Printed, Published & Owned by RAGINI JIGNESHKUMAR VAGHELA and Printed By (1) JIGNESH RASHIKBHAI GAJJAR at Vansh Corporation, A/8, Shayona Golden Estate, Shahibag, Ahmedabad - 380 004
(2) DESAI RAHUL MAHESHBHAI at Bhavani Offset, “Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002. (3) HADIK MAHESHBHAI DESAI at Bhoomi Offset, “Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002
and Published from B/13, Sneh Plaza Shopping Center, I.O.C. Road, Chandkheda, Ahmedabad - 382 424. Editor : RAGINI JIGNESHKUMAR VAGHELA
Regd.Office : B/13, Sneh Plaza Shopping Center, I.O.C. Road, Chandkheda, Ahmedabad - 382 424 Gujarat,India. Phone : (o) 7698333307 (M) 8485951747,7096333307
Email : navsarjansanskruti2016@gmail.com • navsarjansanskruti2016@yahoo.com • Website : www.navsarjansanskruti.com

નાયબ મુખ્યમંત્રીશ્રી હર્ષભાઈ સંઘવી, જિલ્લા કલેકટરશ્રી તેમજ મ્યુનિસિપલ કમિશ્નરશ્રી સાથે ચર્ચા કરી જરૂરી સૂચનો આપતા શ્રી અમિતભાઈ શાહ

# ગાંધીનગરમાં પાણીજન્ય ટાઈફોઈડની સ્થિતિ અંગે ગાંધીનગર લોકસભા ક્ષેત્રના સાંસદ તેમજ કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રીશ્રી અમિતભાઈ શાહના તંત્રને યુદ્ધના ધોરણે કામગીરી કરવાના આદેશ

## દર્દીઓને નિષ્ણાંત તબીબો દ્વારા ઝડપી અને સચોટ સારવાર મળી રહે તે સુનિશ્ચિત કરવા અને હોસ્પિટલમાં સગાઓ માટે ભોજનની વ્યવસ્થા કરવા તંત્રને સૂચિત કરતા શ્રી અમિતભાઈ શાહ

ગાંધીનગર શહેરના સેકટર ૨૪, ૨૮ અને આદિવાડા વિસ્તારમાં પાણીની પાઈપલાઈન લીકેજના થવાના કારણે દૂષિત પાણીથી બાળકો અને નાગરિકોમાં ટાઈફોઈડના કેસ સામે આવ્યા છે જે અંગે ગાંધીનગર લોકસભા ક્ષેત્રના સાંસદ તેમજ કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રીશ્રી અમિતભાઈ શાહે નાયબ મુખ્યમંત્રીશ્રી હર્ષભાઈ સંઘવી, જિલ્લા કલેકટરશ્રી તેમજ મ્યુનિસિપલ કમિશ્નરશ્રી સાથે સતત સંપર્કમાં રહી, ચર્ચા કરી વર્તમાન પરિસ્થિતિ અંગે સંપૂર્ણ વિગતો મેળવી પ્રવર્તમાન પરિસ્થિતિ સામે યુદ્ધના ધોરણે કામગીરી કરવા સૂચના આપી છે.

શ્રી અમિતભાઈ શાહે આરોગ્ય વિભાગના અધિકારીઓ સાથે ચર્ચા કરી ટાઈફોઈડથી અસરગ્રસ્ત બાળકો અને નાગરિકોને નિષ્ણાંત તબીબો દ્વારા ઝડપી અને સચોટ સારવાર મળી રહે તે માટેના આદેશ આપ્યા છે તેમજ ગાંધીનગર સિવિલ હોસ્પિટલ ખાતે પીડિત દર્દીઓ અને સગાઓ માટે ભોજનની સુવિધા સુનિશ્ચિત કરવા અંગે સૂચના આપી છે. શ્રી શાહે

### લીકેજના તાત્કાલિક સમારકામ અને દુર્ભાગ્યપૂર્ણ સ્થિતિનો ફેલાવો અટકાવવા આસપાસના વિસ્તારોમાં પાઈપલાઈનની સઘન ચકાસણીના આદેશ આપતા શ્રી અમિતભાઈ શાહ

લીકેજના તાત્કાલિક સમારકામ અને આ દુર્ભાગ્યપૂર્ણ સ્થિતિનો ફેલાવો વધુ ન થાય તે માટે આસપાસના વિસ્તારોમાં પણ પાઈપલાઈનની સઘન ચકાસણીના આદેશ આપ્યા છે.

ગાંધીનગર શહેરમાં શંકાસ્પદ ટાઈફોઈડના કેસો અંગે સઘન આરોગ્ય વ્યવસ્થા અને સર્વે કામગીરી હાથ ધરવામાં આવી છે.

જે વિસ્તારોમાંથી આ શંકાસ્પદ કેસો મળી આવ્યા છે તે સેક્ટર ૨૪, ૨૬ અને ૨૮ તથા આદીવાડામાં ૭૫ હેલ્થ ટીમો દ્વારા સર્વે કરવામાં આવ્યો છે

આ શંકાસ્પદ ટાઈફોડના ૧૧૩ કેસો અત્યાર સુધીમાં મળી આવ્યા છે અને સારવાર ગ્રસ્ત દર્દીઓમાંથી ૧૯ ને ડિસ્ચાર્જ કરી દેવાયા છે.

અન્ય ૯૪ દર્દીઓને ગાંધીનગર સિવિલ તેમજ સેક્ટર ૨૪ અને ૨૯ ના UHCમાં સારવાર અપાઈ રહી છે અને આ દર્દીઓની હાલત સ્થિર છે. અસર ગ્રસ્ત વિસ્તારોમાં 24×7 ઓપીડી શરૂ કરવામાં આવી છે . જે દર્દીઓને સિવિલ હોસ્પિટલમાં સારવાર અપાય છે તેમના સગા સંબંધીઓ માટે ભોજન વ્યવસ્થા કરવામાં આવી છે.

ગાંધીનગર મહાનગરપાલિકાની સર્વેક્ષણ ટીમો દ્વારા અત્યાર સુધીમાં ૨૦,૮૦૦ થી વધુ ઘરોમાં સર્વે કરીને ૯૦ હજારથી વધુ વસ્તીને આવરી લીધી છે

રોગ અટકાયતના પગલાં તરીકે ૩૦૦૦૦ ક્લોરિન ટેબલેટ અને ૨૦,૬૦૦ ORS પેકેટ વિતરણ કરાયા છે.

સરવેક્ષણ ટીમો ઘરે-ઘરે સંપર્ક કરીને જાગૃતિ પત્રિકાઓ વિતરણ કરવા સાથે લોકોને પાણી ઉકાળીને જ પીવાની, બહારના ખોરાક ન ખાવાની તેમ જ હાથ સ્વચ્છ રાખવા સહિતની માહિતી પૂરી પાડે છે

રોગચાળાના નિયંત્રણ માટે પાણીના સુપર ક્લોરીનેશનની કાર્યવાહી વેગવંતી બનાવવામાં આવી છે અને પાણીમાં ક્લોરીનેશનની માત્રા પણ તપાસવામાં આવે છે.

મહાનગર પાલિકા તંત્ર દ્વારા સોમવાર સુધીમાં 24X7 પાણી સપ્લાયના સ્વિચઓવરની કામગીરી હાથ ધરાશે. આના પરિણામે છેવાડાના ઘરો સુધી ક્લોરિનની યોગ્ય માત્રા વાળું પાણી પહોંચાડી શકાશે

રોગ અસરગ્રસ્ત વિસ્તારોમાં જે હ્નાના મોટા લીકેજ મળી આવ્યા છે તેનું રીપેરીંગ પણ તાત્કાલિક ધોરણે હાથ ધરવામાં આવ્યું છે.

મહાનગરપાલિકા તંત્ર દ્વારા શહેરમાં પાણીપુરી, રગડા પેટીસ, બરફ ગોળા, શિકંજી સોડા તથા દૂધની બનાવટના પીણાઓના વેચાણની પણ સઘન તપાસ કરવામાં આવી રહી છે.

---

સરહદ પર હથિયારો સાથે સેના તહેનાત કરી

# ટ્રમ્પની ધમકી બાદ કોલંબિયાના રાષ્ટ્રપ્રમુખ ટેન્શનમા આવ્યા

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

અમેરિકાએ વેનેઝુએલામાં ઘૂસીને સૈન્ય કાર્યવાહી કરીને રાષ્ટ્રપ્રમુખ નિકોલસ માદુરોની ધરપકડ કર્યા બાદ કોલંબિયા સરકારની ચિંતામાં વધારો થયો છે. કારણ કે ટ્રમ્પે માદુરોને કસ્ટડીમાં લીધા બાદ કોલંબિયાના રાષ્ટ્રપ્રમુખને જીવ બચાવવાની ધમકી આપી હતી. કોલિબંયન સરકાર અને સુરક્ષા નિષ્ણાંતોએ ચેતવણી આપી છે કે, માદુરોની ધરપકડના કારણે દેશના અસ્થિરતા સર્જાઈ શકે છે, સરહદ પર તસ્કરી વધી શકે છે, દેશમાં હિંસા વધશે તો અનેક શર્ણાર્થીઓ મોટાપ્રમાણમાં પલાયન થવા મજબૂર થશે, જેના કારણે કોલંબિયા પર દબાણ આવશે.

કોલંબિયાએ અમેરિકા દ્વારા નિકોલસ માદુરોની ધરપકડનો કડક શબ્દોમાં વિરોધ કર્યો છે. અમેરિકાએ વેનેઝુએલામાં સૈન્ય ઠેકાણાઓને ટાર્ગેટ કરીને માદુરોને કસ્ટડીમાં લીધા છે. આ ઘટના બાદ કોલંબિયાએ તાત્કાલીક ઈમરજન્સી બેઠક બોલાવી છે અને વેનેઝુએલાને અડીને આવેલી ૨૨૧૯ કિલોમીટર લાંબી સરહદને મજબૂત કરવાનો નિર્ણય લીધો છે. આ સરહદ પહેલેથી જ બળવાખોર પ્રવૃત્તિઓ અને કોકેઈન ઉત્પાદન મામલે સંવેદનશીલ માનવામાં આવે છે.કોલંબિયાના રાષ્ટ્રપ્રમુખ ગુસ્તાવો પેટ્રો એ કહ્યું કે, અમારી સરકારે વહેલી સવારે ૩.૦૦ કલાકે ઈમરજન્સી બેઠક બોલાવી છે. ગુસ્તાવોએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર લખ્યું છે કે, 'અમેરિકાએ વેનેઝુએલા અને આખા લેટિન અમેરિકા પર હુમલો કર્યો છે, તેની કોલંબિયન સરકાર નિંદા કરે છે. અમે અમારી સરહદની સુરક્ષા સુનિશ્ચિ કરવા માટે તમામ રાજ્યોના દળોને તહેનાત કરી રહ્યા છીએ. અમેરિકાની કાર્યવાહી બાદ કોલંબિયાએ પોતાની સેનાઓને એલર્ટ કરી દીધી છે. સરહદ પાર કુકુતા વિસ્તારમાં સૈનિકો અને બખ્તરબંધ વાહનો તહેનાત કરી દીધા છે. રાષ્ટ્રપ્રમુખ પેટ્રોએ ચેતવણી આપી છે કે, વેનેઝુએલામાં વધીત હિંસાના કારણે અનેક શર્ણાર્થીઓ મોટા પ્રમાણમાં ત્યાંથી પલાયન થઈ શકે છે, જેના કારણે તેની અસર કોલંબિયા પર પડી શકે છે.

---

૮ વેપારીઓ સામે કાર્યવાહી કરાઈ

# બોટાદમાં પ્રતિબંધિત પ્લાસ્ટિક વેચતા વેપારીઓ સામે તંત્રની તવાઈ

(સંપૂર્ણ સમાચાર સેવા)બોટાદ

બોટાદ શહેરને સ્વચ્છ, સુંદર અને રયણામણું બનાવવાનાં હેતુસર બોટાદ નગરપાલિકા દ્વારા સ્વચ્છતા અભિયાનને વધુ વેગ આપવામાં આવ્યો છે.

પ્રમુખ તથા ચીફ ઓફિસરની સૂચના અને માર્ગદર્શન હેઠળ શહેરમાં સ્વચ્છતા બાબતે જનજાગૃતિ લાવવા તેમજ પ્રતિબંધિત પ્લાસ્ટિકનાં વેચાણ અને વપરાશ સામે કડક કાર્યવાહી કરવા વિશેષ ડ્રાઈવ યોજવામાં આવી હતી. આ ઝુંબેશ અંતર્ગત નગરપાલિકાની સેનિટેશન ટીમ દ્વારા બોટાદ શહેરનાં રહેણાંક તથા બિન રહેણાંક વિસ્તારોમાં તેમજ મુખ્ય માર્ગો અને જાહેર સ્થળોએ તપાસ હાથ ધરવામાં આવી હતી. જાહેર સ્થળોએ કચરો ફેંકતાં અને પ્રતિબંધિત પ્લાસ્ટિકનો ઉપયોગ કરતાં અથવા તેનું વેચાણ કરતાં આસામીઓ સામે નિયમ અનુસાર પગલાં લેવામાં આવ્યા હતા. આ દરમિયાન, પ્રતિબંધિત પ્લાસ્ટિકનાં વપરાશ અંગે કુલ આઠ વેપારીઓ પાસેથી અંદાજે ૩૫૦ કિલોગ્રામ પ્રતિબંધિત પ્લાસ્ટિક જપ્ત કરવામાં આવ્યું હતું.

નગરપાલિકા દ્વારા સ્પષ્ટ કરવામાં આવ્યું છે કે, શહેરી વિસ્તારમાં પ્રતિબંધિત પ્લાસ્ટિકનાં વેચાણ કે વપરાશને કોઈપણ સંજોગોમાં સહન કરવામાં નહીં આવે.

શહેરની સ્વચ્છતા જાળવવા અને પર્યાવરણનું રક્ષણ કરવા માટે આવી ઝુંબેશો આગામી સમયમાં પણ સતત ચાલું રાખવામાં આવશે. નગરપાલિકા તંત્ર દ્વારા તમામ નાગરિકો અને વેપારીઓને અપીલ કરવામાં આવી છે કે તેઓ પ્રતિબંધિત પ્લાસ્ટિકનો ઉપયોગ ન કરે, કચરો જાહેર સ્થળોએ ન ફેંકે અને સ્વચ્છ બોટાદ માટે નગરપાલિકાને સહકાર આપે.

---

માઉન્ટ આબુમાં શિમલા જેવો માહોલ

# આબુમાં ઠંડીનો પારો ગગડતા પ્રવાસીઓ પિકનિક માટે ઉમટ્યા

## સનસેટ પોઈન્ટ, હનીમૂન પોઈન્ટ, શૂટિંગ પોઈન્ટ પર પર પ્રવાસીઓનો ધસારો જોવા મળ્યો

(સંપૂર્ણ સમાચાર સેવા)રાજસ્થાન

રાજસ્થાનના એકમાત્ર હિલ સ્ટેશન માઉન્ટ આબુમાં હાલ હાડ થિજવતી ઠંડી પડી રહી છે. તાપમાનનો પારો સતત ગગડતા સહેલાણીઓ કોહરા સાથે કડકડતી ઠંડીનો આનંદ લઈ રહ્યા છે.

નવા વર્ષની શરૂઆતથી જ સતત માઉન્ટ આબુમાં હવામાનમાં ફેરફાર આવ્યો છે. લધુત્તમ તાપમાન શૂન્ય (૦) ડિગ્રીથી નીચે પહોંચી જતાં સવારમાં મેદાન, વાહનો અને રસ્તા પર બરફની આછેરી ચાદર પથરાઈ ગઈ છે.

મહત્વનું છે કે ગુજરાતમાંથી મોટી સંખ્યા પર્યટકો માઉન્ટ આબુમાં હરવા-ફરવા જાય છે ત્યારે ખુશનુમા વાતાવરણ થતાં પ્રવાસની મજા બમણી થઈ ગઈ છે.

માઉન્ટ આબુમાં માઈનસ ૩ ડિગ્રી જેટલું સવારનું તાપમાન નોંધાયું છે જેના કારણે મેદાનો અને વાહનો પર બરફના થર જામી ગયા છે. પક્ષીઓ માટે ઘરની બહાર રાખેલા પાણીના કુંડા પણ જામી ગયા છે. સનસેટ પોઈન્ટ, હનીમૂન પોઈન્ટ, શૂટિંગ પોઈન્ટ પર પર પ્રવાસીઓનો ધસારો જોવા મળ્યો. કુદરતી વાતાવરણ ખિલતા લોકો નક્કી લેકમાં બોટિંગનો આનંદ માણી રહ્યા છે.

બરફનો નજારો જોતાં જ લોકો શિમલા જેવા વાતાવરણનો અનુભવ રહ્યા છે. આ ઉપરાંત અરવલ્લી પર્વતમાળાના સૌથી ઊંચા ગુરુ શિખર, અચલગઢ, કુંભારવાડા સહિત અનેક વિસ્તારોમાં ઠંડીનો ચમકારો જોવા મળ્યો છે. ગાઢ ધુમ્મસના કારણે વાહનોની અવર જવરમાં પરેશાની ઊભી થઈ છે.

---

# અમદાવાદ-ગાંધીનગરને જોડતા ઈન્દિરા બ્રિજ પર તિરાડો હોવા અંગેના અહેવાલ અંગે સ્પષ્ટતા

તાજેતરમાં વિવિધ માધ્યમોમાં અમદાવાદ-ગાંધીનગરને જોડતા ઈન્દિરા બ્રિજ પર તિરાડો હોવા અંગેના સમાચાર પ્રસિદ્ધ થયેલ છે, જે બાબતે પાટનગર યોજના વિભાગ-૩ ના કાર્યપાલક ઈજનેરશ્રી તથા પેટા વિભાગ-૧૮ ના નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી દ્વારા સંયુક્ત રૂબરૂ ચકાસણી કરતા માલુમ પડેલ છે કે ન્યૂઝમાં દર્શાવેલ વિગતો તદ્દન ખોટી અને ભ્રામક છે. વાસ્તવમાં જેને તિરાડ ગણાવવામાં આવી રહી છે તે કોઈ સ્ટ્રક્ચરલ ક્ષતિ નથી પરંતુ બ્રિજના બે સ્પાન વચ્ચે રાખવામાં આવેલ 'એકસપાન્શન જોઈન્ટ' છે, જે ઋતુ મુજબ તાપમાનમાં થતા ફેરફારને કારણે મટીરીયલમાં થતી વધઘટને નિવારવા માટે સિવિલ એન્જિનિયરિંગના નિયમ મુજબ મૂકવામાં આવે છે.

આ બ્રિજની વિભાગ દ્વારા સમયાંતરે તાંત્રિક તપાસ કરવામાં આવે છે અને તાજેતરમાં જ 'ઈન્ફાઈનાઈટ કન્સલ્ટન્ટ' દ્વારા કરાયેલ સંપૂર્ણ તાંત્રિક ચકાસણી (Technical Audit) માં પણ બ્રિજની મુખ્ય સંરચનામાં કોઈ ક્ષતિ માલુમ પડેલ નથી, જેથી આ બ્રિજ વાહન વ્યવહાર માટે સંપૂર્ણપણે સુરક્ષિત છે અને જાહેર જનતાએ કોઈપણ પ્રકારના ભય વગર તેનો ઉપયોગ કરવો તેમજ આવી પાયાવિહોણી અફવાઓથી દૂર રહેવું.

નાયબ કાર્યપાલક ઈજનેર પાટનગર યોજના પેટા વિભાગ-૧૮ ગાંધીનગર

કાર્યપાલક ઈજનેર પાટનગર યોજના વિભાગ-૩ ગાંધીનગર

---

ખિજડીયા પક્ષી અભયારણ્યમાં ૩૩૪ પ્રજાતિઓના ત્રણ લાખથી વધુ પક્ષીઓ નોંધાયા: નળ અને થોળ પક્ષી અભયારણ્યમાં અંદાજે કુલ ૪.૬૭ લાખથી વધુ પક્ષીઓ જોવા મળ્યા

# યાયાવર સહિત સ્થાનિક પક્ષીઓ માટે ગુજરાત પસંદગીનું રાજ્ય

## રાજ્યના વિવિધ જળ પ્લાવિત વિસ્તારોમાં વર્ષ ૨૦૨૪-૨૫માં અંદાજે કુલ ૮.૩૩ લાખથી વધુ પક્ષીઓ બન્યા ગુજરાતના મહેમાન







સમગ્ર વિશ્વમાં આશરે ૯,૦૦૦ જેટલા વિવિધ જાતિના પક્ષીઓમાંથી ૧,૨૦૦ જાતિના પક્ષીઓ ભારતમાં જોવા મળે છે. જેમાંથી ૪૦૦થી વધુ પ્રજાતિઓ પરદેશી પ્રવાસી પંખીઓની છે. આ યાયાવર પક્ષીઓ સાયબીરીયા, પૂર્વ યુરોપ,ઉત્તર અને મધ્ય એશિયામાંથી ગુજરાત સહિત ભારતમાં આવે છે.

રાજ્યમાં પક્ષી-પ્રાણી સૃષ્ટિના સંરક્ષણ અને સંવર્ધનની સાથે પર્યાવરણના જતન માટે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી ગુજરાતના મુખ્યમંત્રી હતા ત્યારથી તેમણે કડક કાયદાઓ, નિયમો અને યોજનાઓ અમલી બનાવી છે, જેને રાજ્યના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ મક્કમતાથી આગળ વધારી રહ્યા છે. જેના પરિણામે ગુજરાત છેલ્લા દોઢ દાયકાથી યાયાવર પક્ષીઓ અને પ્રાણીઓ માટે સૌથી વધુ સુરક્ષિત રાજ્ય બન્યું છે. વન અને પર્યાવરણ મંત્રી શ્રી અર્જુન મોઢવાડિયા અને રાજ્ય મંત્રી શ્રી પ્રવિણ માળીના માર્ગદશનમાં વન વિભાગ સહિત વિવિધ પ્રાણી-પક્ષી પ્રેમી સંસ્થાઓ દ્વારા તેમના સંવર્ધન અને સંરક્ષણની પરિણામલક્ષી કામગીરી કરવામાં આવી રહી છે.

ગુજરાત વિશ્વભરના પક્ષીઓ માટે પસંદગીનું રાજ્ય બન્યું છે ત્યારે છેલ્લા એક વર્ષમાં જામનગરના ખિજડીયા પક્ષી અભયારણ્યમાં ૩૩૪ પ્રજાતિઓના અંદાજે ૩,૦૯,૦૬૨ પક્ષીઓ નોંધાયા છે. વર્ષ ૨૦૨૪ની છેલ્લી ગણતરી મુજબ નળ સરોવરમાં વિવિધ ૧૭થી વધુ પ્રજાતિઓના ૪.૧૨ લાખથી વધુ તેમજ થોળ પક્ષી અભયારણ્યમાં વિવિધ ૧૭થી વધુ પ્રજાતિઓના ૫૫,૫૮૭ પક્ષીઓ આમ કુલ ૪.૬૭ લાખથી વધુ પક્ષીઓ નોંધાયા છે. જ્યારે વઢવાણા વેટલેન્ડ વિસ્તારમાં વર્ષ ૨૦૨૪-૨૫માં યાયાવર પક્ષીઓની ૪૧ જાતિઓની અંદાજિત ૩૫,૯૩૨ સંખ્યા, વિવિધ પાંચ જાતિઓની અંદાજિત ૫,૧૪૭ તેમજ ૯૧ સ્થાનિક પક્ષીઓની અંદાજિત ૧૨,૯૨૧ સંખ્યા નોંધાઈ છે. જ્યારે કચ્છ વિસ્તારમાં વર્ષ ૨૦૨૫માં અંદાજે ૨,૫૬૪ પક્ષીઓ ગુજરાતના મહેમાન બન્યા છે, જેના પરિણામે ગુજરાત 'પક્ષી જીવન' માટે 'સ્વર્ગ' તરીકે ઉભરી આવ્યું છે.

જામનગરના ખિજડીયા પક્ષી અભયારણ્યમાં ૩૩૪ પ્રજાતિઓના અંદાજે ૩,૦૯,૦૬૨ પક્ષીઓ નોંધાયા છે. આ વિસ્તારમાં મુખ્યત્વે કાળી ડોક ઢોંક, ગાજ હંસ, પેણ, ફ્લેમીગો, નકટો, લુહાર, ચેતવા, ગયણો, કિચડીયા પક્ષીઓ, ગડવાલ, સીસોટી બતક, ચમચો, કાજીયા, કબુત બગલો, મલાર્ડ, ભગતડુ, નીલજલ મુરધો, આઈબીસ, નાની મુરધાબી, કોટન ટીલ સર્પગ્રીવ, કિંગફિશર, કુંજ, કરકરા, પીળી ચાંચ ઢોંક, ગલ, ટન, પતરંગો, શીફ્ટ, ઈગલ, શકરો, કાઈટ, જળહળ, ટુકટુકીયો, પીળક, દુધરાજ, કાળોકોશી તેમજ મોટી ચોટલી ડુબકી પ્રજાતિઓના પક્ષીઓ જોવા મળે છે. આ ઉપરાંત વસ્તી અંદાજ ૨૦૨૩ મુજબ રાજ્યમાં રાષ્ટ્રીય પક્ષી મોરની વસ્તી ૨.૮૫ લાખથી વધુ નોંધાઈ છે.

વર્ષ ૧૯૬૯માં જાહેર થયેલું નળ સરોવર પક્ષી અભયારણ્ય ૧૨૦.૮૨ ચો.કિ.મી. વિસ્તાર ધરાવે છે. જેને વર્ષ ૨૦૧૨માં રામસર સાઈટનો દરજ્જો પ્રાપ્ત થયો છે. નળ સરોવર પક્ષી અભયારણ્ય એ યાયાવર પક્ષીઓના સેન્ટ્રલ એશીયન ફલાયવેમાં આવે છે. તેના પરિણામે વિશ્વમાંથી યાયાવર પક્ષીઓ આવતા હોવાથી આ સરોવરમાં ૩૨૯ પ્રકારની પ્રજાતિઓ નોંધાઈ છે. ઉપરાંત નળ સરોવરમાં પેસેજ માઈગ્રેશન કરતા પક્ષીઓ પણ રોકાતા હોય છે.

થોળ પક્ષી અભયારણ્યમાં ડૂબકીઓ, પેણ, કાજિયા, બગલા, બગલી અને પાનબગલી, ઢોંક, કાંકણસાર અને ચમચા, હંજ-સુરખાબ, બતક, હંસ, કુંજ, સંતાકૂકડી, આડ, જલમાંજર, કાદવકીચડ ખૂંદનારા, ધોમડો, વાબગલી, કલકલિયા, પીળકિયા, બાજ તેમજ નળ સરોવર પક્ષી અભયારણ્ય વિસ્તારમાં ડૂબકીઓ, પેલિકન્સ, બતક અને હંસ, સંતાકૂકડી, આડ, જલમાંજર, કાજિયા, બગલા, બગલી અને પાનબગલી, ઢોંક, કાંકણસાર અને ચમચા, હંજ-સુરખાબ, કુંજ, કાદવકીચડ ખૂંદનારા, ધોમડો, વાબગલી, કલકલિયા, પીળકિયા, અને બાજનો સમાવેશ થાય છે.

વઢવાણા વેટલેન્ડ વિસ્તારમાં જોવા મળતા માઈગ્રેટરી બર્ડમાં ગાજ હંસ (ગ્રે લેગ ગુઝ), રાજ હંસ (બાર હેડેડ ગુઝ), લાલ ચાંચ કારચીયા (રેડ ક્રેસ્ટેડ પોચર્ડ), કાબરી કરચીયા (ટફ્ટેડ ડક), ધોળી આંખ કારચીયા(વાઈટઆઈડ પોચર્ડ), સિંગપર (નોર્થન પિન ટેલ), નાની મુરઘાબી (કોમન ટીલ), ટીલીયા (રફ), નાની કાંકણસાર (ગ્લોસી આઈબીસ), રેસિડેન્શિયલ બર્ડમાં ભગવી સુરખાબ (રૂડી શેલ્ડક), નકટો (કોમ્બ ડક),નાનો કજીયો (લિટલ કોમોરન્ટ), નાની સિસોટી બતક (લેસર વિસલિંગ ટીલ ), નાની ધાનચીડી (પેડિફિલ્ડ પીપીટ ),ગિરજા (કોટન ટીલ), દુર્લભ જાતિઓમાં કાળી ડોક ઢોંક (બ્લેક નેક્ડ સ્ટોર્ક) તેમજ શિકારી જાતિમાં પાન પટ્ટાઈ (યુરેશિયન માર્શ હેરિયર)નો સમાવેશ થાય છે.

'પેસેજ માઈગ્રન્ટ' ગણતરી એ ભારતની એક અગ્રણી સિટિઝન સાયન્સ પહેલ છે, જે વર્ષ ૨૦૨૨થી દર સપ્ટેમ્બરે મધ્ય અને પશ્ચિમ એશિયાથી આફ્રિકા તરફ જતા પ્રવાસી પક્ષીઓનો વૈજ્ઞાનિક સર્વે કરે છે. કચ્છ વિસ્તાર આ પક્ષીઓ માટે 'રિફ્યુઅલિંગ' સ્ટેશન તરીકે અત્યંત મહત્વનું છે, જ્યાં તેઓ અરબી સમુદ્ર ઓળંગતા પહેલા ચોમાસા પછી પેદા થતા જીવજંતુઓ ખાઈને ખોરાક સ્વરૂપે શક્તિ મેળવે છે.

ગત વર્ષ તા. ૧૯થી ૨૧ સપ્ટેમ્બર-૨૦૨૫ દરમિયાન કચ્છમાં એસ્ટ્રલ ફાઉન્ડેશનના સહયોગથી, પ્રણિધિ ટ્રસ્ટે ગુજરાત વન વિભાગ અને બર્ડ કાઉન્ટ ઈન્ડિયા સાથે મળીને પેસેજ માઈગ્રન્ટ કાઉન્ટની ચોથી અને અત્યાર સુધીની સૌથી મોટી આવૃત્તિનું આયોજન કરાયું હતું, જેમાં ૧૭ રાજ્યોના ૨૦૦થી વધુ પક્ષીપ્રેમીઓએ ૫૧ ટીમોમાં જોડાઈને કચ્છના ૧૦ હજાર ચોરસ કિમી વિસ્તારનું ઝીણવટભર્યું સર્વેક્ષણ હાથ ધર્યું હતું. ભુજમાં આયોજિત ઓરિએન્ટેશન સત્ર બાદ આ ટીમોએ રણ, બન્નીના મેદાનો, કાંટાળા જંગલો અને દરિયાકાંઠાના વિસ્તારોમાં ૨૫૦થી વધુ સર્વે ગ્રીડ આવરી લીધી હતી. eBird પ્લેટફોર્મના સહયોગથી તૈયાર થયેલા ૬૦૦થી વધુ ચેકલિસ્ટમાં પક્ષીઓની ૨૫૦થી વધુ પ્રજાતિઓ નોંધાઈ છે, જે આ પ્રદેશની પર્યાવરણીય વિવિધતા અને સંરક્ષણ માટેના મજબૂત આંકડા પૂરા પાડે છે.

કચ્છ વિસ્તારમાં વર્ષ ૨૦૨૫માં પ્રવાસી પક્ષીઓની સંખ્યામાં મોટો વધારો જોવા મળ્યો છે. જેમાં ૧,૫૭૭ યુરોપિયન રોલર અને ૩૧૩ સ્પોટેડ ફ્લાયકેચર નોંધાયા છે. આ સિવાય ૩૭૯ બ્લ્યુ ચેકડ બી ઈટર સહિત કોમન કુકો, Blue-cheeked Bee-eater, Rufous-tailed Scrub-Robin, Red-backed Shrike અને Red-tailed Shrike પ્રજાતિઓનો સમાવેશ થાય છે.

●વન્યજીવ સંરક્ષણ-સંવર્ધન માટે વિવિધ પહેલ:

રાજ્યમાં વર્ષ ૨૦૧૭થી દર વર્ષે વન વિભાગ અને વિવિધ સંસ્થાઓના સહયોગથી ઉત્તરાયણ દરમિયાન ઘાયલ પક્ષીઓને સારવાર આપવા 'કરૂણા અભિયાન' હાથ ધરવામાં આવે છે જેમાં, પતંગની દોરી સહિત વિવિધ રીતે ઘાયલ હજારો પક્ષીઓને યોગ્ય સારવાર આપીને મુક્ત કરવામાં આવે છે. આ અભિયાન અંતર્ગત વર્ષ ૨૦૨૫માં ઉત્તરાયણ દરમિયાન પતંગની દોરીથી ઘાયલ થયેલા અંદાજે ૧૭ હજારથી વધુ પક્ષીઓનું રેસ્ક્યુ કરીને તેમની સારવાર કરવામાં આવી હતી.

દર વર્ષે ૦૫ જાન્યુઆરીએ ગુજરાત સહિત ભારતભરમાં 'રાષ્ટ્રીય પક્ષી દિવસ'ની વિવિધ સ્વરૂપે ઉજવણી કરવામાં આવે છે. આ દિવસે લુપ્ત થતા પક્ષીઓને બચાવવા નાગરિકો જાગૃત્ત થાય તે માટે દેશભરમાં વિશેષ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે. અત્રે ઉલ્લેખનીય છે કે, વન્યજીવો અને પક્ષીઓના સંરક્ષણ-સંવર્ધન માટે ઉનાળાની કાળઝાળ ગરમીમાં પણ પાણીની સુવિધા પૂરી પાડવામાં આવે છે. જ્યારે શિયાળામાં યાયાવર પક્ષીઓ ગુજરાતની ભૂમિને હંગામી આશ્રયસ્થાન- ઘર બનાવે છે, જે ગુજરાતના નાગરિકો માટે ગૌરવની સમાન છે.

- જનક દેસાઈ

---

અકસ્માતોનો સિલસિલો અટકવાનું નામ નથી લઈ રહ્યો

# વડાલી—ખેડબ્રહ્મા હાઈવે પર કારની ટક્કરે બાઈક સવાર મહિલાનું મોત

(સંપૂર્ણ સમાચાર સેવા)સાબરકાંઠા

સાબરકાંઠા જિલ્લામાં અકસ્માતોનો સિલસિલો અટકવાનું નામ નથી લઈ રહ્યો. વડાલી—ખેડબ્રહ્મા હાઈવે પર આજે એક ભયાનક અકસ્માત સર્જાયો હતો, જેમાં એક મહિલાએ પોતાનો જીવ ગુમાવ્યો છે, જ્યારે બે નિર્દોષ બાળકો સહિત ત્રણ લોકો લોહીલુહાણ થયા છે. વડાલી—ખેડબ્રહ્મા હાઈવે પર એક ટાટા નેક્સોન કારના ચાલકે પૂરપાટ ઝડપે આવીને બાઈક સવાર પરિવારને જોરદાર ટક્કર મારી હતી. આ ટક્કર એટલી પ્રચંડ હતી કે બાઈક પર સવાર મહિલાનું ઘટનાસ્થળે જ કમકમાટીભર્યું મોત નીપજ્યું હતું.

જ્યારે બાઈક પર સવાર અન્ય એક વ્યક્તિ અને બે નાના બાળકોને ગંભીર ઈજાઓ પહોંચી હતી. અકસ્માત બાદ તરત જ આસપાસના લોકો દોડી આવ્યા હતા અને ઈજાગ્રસ્તોને ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે વડાલી સામુહિક આરોગ્ય કેન્દ્ર (CHC) ખાતે પ્રાથમિક સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા. જોકે, બંને બાળકોની હાલત વધુ નાજુક જણાતા તેઓને વધુ સારવાર માટે હિંમતનગર સિવિલ હોસ્પિટલ ખાતે રિફર કરવામાં આવ્યા છે. જિલ્લામાં સતત વધી રહેલા માર્ગ અકસ્માતોને કારણે વાહનચાલકોમાં ફફડાટ ફેલાયો છે. પોલીસે આ મામલે ગુનો નોંધી કાર ચાલક વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

---

મહેસાણામાં SPG દ્વારા વિશાળ સંમેલન યોજાયુ

# લગ્ન નોંધણી અને મૈત્રી કરાર મુદ્દે લડી લેવાના મૂડમાં SPG

(સંપૂર્ણ સમાચાર સેવા)મહેસાણા

મહેસાણામાં SPG દ્વારા વિશાળ સંમેલન યોજાયું. લગ્ન નોંધણીમાં સુધારા અને મૈત્રી કરાર રદ કરવાની માંગ સાથે વિધાનસભા ઘેરાવની ચીમકી આપી. પાટીદાર અનામત આંદોલન સમયે સક્રિય રહેલું સરદાર પટેલ ગ્રુપ (SPG) હવે સામાજિક મુદ્દાઓ પર મેદાને આવ્યું છે. મહેસાણામાં પાટીદાર સમાજનું એક વિશાળ સંમેલન યોજાયું હતું, જેમાં લગ્ન નોંધણીના કાયદામાં સુધારો કરવા અને મૈત્રી કરાર રદ કરવાની પ્રબળ માંગણી કરવામાં આવી છે.લાંબા સમયથી SPG દ્વારા પ્રેમ લગ્ન અને મૈત્રી કરારના કાયદામાં સુધારા માટે લડત ચલાવવામાં આવી રહી છે. સંમેલન દરમિયાન SPGના રાષ્ટ્રીય અધ્યક્ષ લાલજી પટેલે સરકાર પર આકરા પ્રહાર કરતા જણાવ્યું કે, સરકારે અનેકવાર જાહેર મંચ પરથી આશ્વાસન આપ્યું છે, પરંતુ હજુ સુધી કોઈ નક્કર અમલ થયો નથી. સરકારના આ વાયદા હવે માત્ર લોલીપોપ સમાન લાગે છે.

SPG એ સરકારને સ્પષ્ટ ભાષામાં ધમકી આપી છે કે, જો આગામી સમયમાં કાયદામાં તાત્કાલિક સુધારો કરવામાં નહીં આવે, તો માત્ર પાટીદાર સમાજ જ નહીં પરંતુ તમામ સમાજોને સાથે રાખીને ગાંધીનગર કૂચ કરવામાં આવશે. આ સાથે જ વિધાનસભાના ઘેરાવાની પણ ચીમકી ઉચ્ચારવામાં આવી છે. આ સંમેલને ફરી એકવાર સામાજિક સંગઠનો અને સરકાર વચ્ચે ઘર્ષણના એંધાણ આપ્યા છે. હવે જોવાનું એ રહેશે કે સરકાર આ મામલે શું વલણ અપનાવે છે.

રાજ્યપાલશ્રીના હસ્તે શ્રી સ્વામિનારાયણ ગુરુકૂળ રાજકોટના ટ્રસ્ટી શ્રી મનુભાઈ પટોલિયા દ્વારા લિખિત 'From Startups to Success' પુસ્તકનું વિમોચન

# ગુરુકૂળોમાં સંસ્કાર, શિક્ષણ, શિસ્ત અને સામાજિક જવાબદારીઓનું સંવર્ધન થાય છે – રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજી






ગાંધીનગર લોકભવન ખાતે રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજીના હસ્તે શ્રી સ્વામિનારાયણ ગુરુકૂળ રાજકોટના ટ્રસ્ટી શ્રી મનુભાઈ પટોલિયા દ્વારા લિખિત 'From Startups to Success' પુસ્તકનું વિમોચન કરવામાં આવ્યું. આ તકે રાજ્યપાલશ્રીએ જણાવ્યું કે, જીવનમાં સફળતા માત્ર આર્થિક પ્રગતિ સુધી જ સિમિત નથી પરંતુ સંસ્કાર, નૈતિકતા અને માનવીય મૂલ્યોનું જતન પણ એટલું જ જરૂરી છે. ગ્રામ્ય જીવનમાંથી આગળ વધીને વૈશ્વિક સ્તરે સફળતા પ્રાપ્ત કરનાર શ્રી મનુભાઈ પટોલિયાનું જીવન યુવા પેઢી માટે પ્રેરણાદાયક છે. તેમના ૭૨ વર્ષના અનુભવોના આધારે લખાયેલ 'ફ્રોમ સ્ટાર્ટઅપ ટુ સક્સેસ' પુસ્તક સંઘર્ષ કરતા યુવાનોને સાચી દિશા અને માર્ગદર્શન આપશે.

રાજ્યપાલશ્રીને ગુરુકૂળ પરંપરાની પ્રશંસા કરતા જણાવ્યું કે, ગુરુકુળો દ્વારા વિદ્યાર્થીઓમાં સંસ્કાર, શિક્ષણ, શિસ્ત અને સામાજિક જવાબદારીઓનું સંવર્ધન થાય છે. જે આજના સમય માટે અંત્યત આવશ્યક છે. તેમણે પુસ્તકના લેખક તથા સમગ્ર મિશનમાં જોડાયેલા તમામ સહયોગીઓને અભિનંદન પાઠવી સમાજ અને રાષ્ટ્રના વિકાસ માટે સતત કાર્યરત રહેવા શુભેચ્છાઓ પાઠવી હતી. આ પ્રસંગે ઉપસ્થિત રાજકોટ ગુરુકુળના મહંતશ્રી સ્વામી દેવપ્રસાદજીએ જણાવ્યું કે, રાજકોટ ગુરુકુળમાંથી અભ્યાસ કરી ચૂકેલા મનુભાઈ પટોલિયા જેવા અનેક વિદ્યાર્થીઓએ વૈશ્વિક સ્તરે ગુરુકૂળ સહિત દેશનું નામ રોશન કર્યુ છે. ગુરુકૂળમાંથી ભણેલા વિદ્યાર્થીઓ સારા નાગરિક બનીને સમાજ અને દેશના વિકાસમાં સહભાગી બની રહ્યા છે. કાર્યક્રમ દરમ્યાન મનુભાઈ પટોલિયાએ પોતાના જીવનના પ્રસંગો વિશેની વાત કરી કરી હતી. સાથે જ તેમણે એમ પણ જણાવ્યું કે, તેમના દ્વારા લિખિત પુસ્તક યુવા વર્ગને સતત આગળ વધવાની પ્રેરણા અચૂક પુરી પાડશે. આ પ્રસંગે રાજકોટ ગુરુકુળના ટ્રસ્ટી શ્રી રાકેશભાઈ દૂધાતે સ્વાગત પ્રવચન કરી મનુભાઈના જીવનની પ્રેરણાત્મક બાબતોનો ઉલ્લેખ કર્યો હતો. આ કાર્યક્રમમાં શ્રી સ્વામિનારાયણ ગુરુકુળ રાજકોટના સંતો, અગ્રણીઓ તેમજ મનુભાઈ પટોલિયાના પરિવારજનો તેમજ આમંત્રિતો ઉપસ્થિત રહ્યા હતા.

૨૦ મુસાફરો ને નાની મોટી ઈજા થઈ

# જામનગર-રાજકોટ હાઈવે પર કાલાવડ નજીક એસ.ટી. બસ પલટી

(સંપૂર્ણ સમાચાર સેવા)જામનગર

જામનગર જિલ્લાના કાલાવડ નજીક ખંઢેરા ગામ પાસે ગઈકાલે રાત્રે એક એસ.ટી. બસ પલટી મારી જતાં તેમાં બેઠેલા ચાલીસ મુસાફરો પૈકી ૨૦ મુસાફરો ને નાની મોટી ઈજા થઈ હતી, અને કાલાવડ ની સરકારી હોસ્પિટલમાં પ્રાથમિક સારવાર અપાઈ હતી.

જે પૈકી પાંચ મુસાફરોને વધુ ઈજા થઈ હોવાથી સારવાર માટે જામનગર રીફર કરાયા છે. પોલીસે એસટી બસના ચાલક સામે ગુનો નોંધ્યો છે.

આ અકસ્માતના બનાવની વિગત એવી છે કે જુનાગઢ કાલાવડ રૂટની જી.જે. ૧૮ ઝેડ.ટી. ૧૫૯૭ નંબરની એસટી બસ કે જે ગઈકાલે મોડી સાંજે જુનાગઢ તરફથી પરત ફરીને કાલાવડ તરફ આવી રહી હતી. જે દરમિયાન જામનગર-રાજકોટ ધોરીમાર્ગ પર કાલાવડ નજીક ખંઢેરા ગામના પાટીયા પાસે એસટી બસના ચાલકની બેદરકારીના કારણે પલટી મારી ગઈ હતી.

જે અકસ્માતને લઈને બસમાં બેઠેલા ૪૦ જેટલા મુસાફરોમાં ભારે દેકારો બોલી ગયો હતો. આ બનાવવાની જાણ થતાં કાલાવડ ગ્રામ્ય નો પોલીસ સ્ટાફ, તથા ૧૦૮ ની ટુકડી અને કેટલાક અન્ય સામાજિક કાર્યકરો વગેરે બનાવના સ્થળે દોડી ગયા હતા, અને ઈજાગ્રસ્તો ને સારવારમાં પહોંચાડવા માટે મદદ કરી હતી.

કુલ ૨૦ મુસાફરોને નાની મોટી ઈજા થઈ હતી, અને તેઓને સૌપ્રથમ કાલાવડની સરકારી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા, જે પૈકી એક મહિલાને એક બાળક સહિત પાંચ મુસાફરોને વધુ ઈજા થઈ હોવાથી ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે જામનગરની સરકારી જી.જી. હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા, જ્યાં તમામની હાલ સારવાર ચાલી રહી છે.

આ અકસ્માતના બનાવ અંગે એસટી બસમાં મુસાફરી કરી રહેલા કાલાવડ ના શીતલા કોલોનીમાં રહેતા પાયલબા ઘોઘુભા જાડેજાએ એસટી બસના ચાલક સામે ફરિયાદ નોંધાવતાં કાલાવડ ગ્રામ્ય પોલીસે એસટી બસ ચાલક સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. આ અકસ્માતમાં એસટી બસના ચાલક અને કંડકટરને પણ ઈજા થઈ હોવાથી તેઓને સારવાર અપાઈ રહી છે.

દોડશે ગગદાસ, જીતશે ગુજરાત!

# વીજળીના ઝટકાથી પગ કપાયા, હવે વીજળી વેગે દોડતો થયો છે ગગદાસ

## મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના વિશેષ પ્રયાસોથી એડવાન્સ પ્રોસ્થેટિક પગ પ્રાપ્ત કરનાર ગગદાસ પરમાર જુએ છે ઓલિમ્પિકનું સપનું








ગગદાસ પરમારના બન્ને પગ કપાઈ ગયા હોવા છતાં આજે આ યુવાનની આંખોમાં ઓલિમ્પિકમાં ભારતનું પ્રતિનિધિત્વ કરવાનું સપનું રમે છે. આ શક્ય બન્યું છે ગગદાસના સાહસ અને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના સાથ-સહકારથી.

ગગદાસ રોજ સવારે ૧૦૦ અને ૨૦૦ મીટર રેસની તૈયારી કરી રહ્યો હોય છે ત્યારે તેના મનમાં એક જ સંકલ્પ હોય છે - ઓલિમ્પિકમાં ભારતનું પ્રતિનિધિત્વ કરીને રાજ્યને ગૌરવ અપાવવું.

દિવ્યાંગ ગગદાસ પરમારની કરુણ કહાણી તેના પોતાના આત્મવિશ્વાસ, પરિવારની હૂંફ અને સરકારના સાથ-સહયોગથી પ્રેરણાદાયક કથામાં પરિવર્તિત રહી છે. ગગદાસના સપના કોઈ શેખચલ્લીનાં સપનાં નથી, કારણ કે તે રાષ્ટ્રીય સ્તરે સ્વર્ણ અને કાંસ્ય પદક જીતી લાવ્યો છે અને અત્યારે આંતરરાષ્ટ્રીય પેરા ગેમ્સ તેમજ પેરા ઓલિમ્પિકની તૈયારીઓમાં સતત પરસેવો પાડી રહ્યો છે.

ગગદાસ વાવ-થરાદ જિલ્લાનો યુવાન છે. ખેતમજૂર થાનાભાઈ પરમારના પરિવારના આ દીકરાને વર્ષ ૨૦૧૭માં વીજળીનો કરંટ લાગ્યો અને સમગ્ર પરિવાર પર જાણે વીજળી પડી. જુવાનજોધ પુત્રના બન્ને પગ વીજળીને કારણે એટલા બળી ગયા હતા કે ઘૂંટણના નીચેના ભાગથી બન્ને પગ કપાવવા પડ્યા. પરિવારે સતત બે વર્ષ દીકરાની સારવાર કરી અને ગજા બહારનો અધધ આઠથી દસ લાખ રૂપિયાનો ખર્ચ કરીને દીકરાને નવજીવન અપાવ્યું. આજે આ દીકરો ગુજરાતને ગૌરવ અપાવવા સક્ષમ બન્યો છે.

ગગદાસ પોતાના બન્ને પગ ગુમાવી ચૂક્યો હતો, પરંતુ તેનો આત્મવિશ્વાસ અટલ હતો, તેણે આગળ અભ્યાસ માટે પાલનપુરની વાટ પકડી. પાલનપુરમાં વિદ્યામંદિર શાળાની દિવ્યાંગો માટેની હોસ્ટેલમાં રહીને ભણતાં ભણતાં ગગદાસને કોચ નીલેશભાઈ રબારી મળ્યાં, જેમના પ્રોત્સાહન અને પ્રયાસોથી ગગદાસ સ્પોર્ટ્સ તરફ વળ્યો અને નેશનલ ગેમ્સ પણ રમી શક્યો. ગગદાસે માત્ર છ મહિનાની તૈયારીઓ થકી ડિસ્ક થ્રો અને પેરા પાવરલિફ્ટિંગમાં રાષ્ટ્રીય સ્તરે ચંદ્રકો પણ પ્રાપ્ત કર્યા. આ સિદ્ધિઓ કંઈ નાનીસૂની નથી.

ગગદાસને સામાજિક સંસ્થાઓ તરફથી પ્રોસ્થેટિક પગ પ્રાપ્ત થયા હતા, પરંતુ સ્પોર્ટ્સ ક્ષેત્રે આગળ વધવા માટે એડવાન્સ પ્રોસ્થેટિક પગ જરૂરી હતા. આ માટે રૂપિયા ૧૪થી ૧૫ લાખનો ખર્ચ થાય એમ હતો.

આર્થિક રીતે નબળા અને એમાંય દવાખાનામાં ધોવાઈ ગયેલા પરિવાર માટે તો આ ખર્ચ શક્ય જ નહોતો.

ગગદાસે આત્મવિશ્વાસ ગુમાવ્યા વિના આ મામલે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની મદદ માગવાનું નક્કી કર્યું. ગાંધીનગર આવીને ગગદાસે મુખ્યમંત્રીશ્રીને રજૂઆત કરી. સાલસ અને સંવેદનશીલ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈએ ગગદાસને મદદ કરવા માટે પોતાનાથી બનતા તમામ પ્રયાસો કર્યા. મુખ્યમંત્રીશ્રીએ સરકારી સહાય ઉપરાંત સીએસઆર ફંડ થકી ગગદાસને તાત્કાલિક મદદ મળી શકે, એવા સફળ પ્રયાસો કર્યા.

આજે ગગદાસને અદ્યતન તકનીકવાળા પ્રોસ્થેટિક પગ પ્રાપ્ત થયા છે સાથે સાથે ઉચ્ચ સ્તરનું કોચિંગ પણ મળી રહ્યું છે.

ગગદાસને હવે ઓલિમ્પિક મેડલથી ઓછું કંઈ ખપતું નથી. દોડશે ગગદાસ, જીતશે ગુજરાત!

પોલીસે દારૂની બે બોટલ તથા કાર કબજે લીધા છે

# મોડી રાત્રે દારૂનો નશો કરીને કાર ચલાવતા ત્રણ નશેબાજ ઝડપાયા

(સંપૂર્ણ સમાચાર સેવા)વડોદરા

ગોરવા પોલીસનો સ્ટોક પેટ્રોલિંગમાં હતો તે દરમિયાન પંચવટી હનુમાનજી મંદિર પાસે સામેથી એક કાર વાકી ચૂકી આવતી હોય પોલીસે ઓર્ડર કરી કારને ઊભી રાખી હતી. કારમાં બેસેલા વ્યક્તિએ પોતાનું નામ હાર્દિક નિલેશભાઈ દેસાઈ ઉંમરમાં ૩૬ રહે ભાગ્યોદય સોસાયટી સહીઓ પોલીસ ચોકી સામને ગુરુવાર હોવાનું જણાવ્યું હતું. તેની કારમાંથી દારૂની બે બોટલ મળી આવી હતી. પોલીસે હાર્દિક દેસાઈ સામે ગુનો દાખલ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. પોલીસે દારૂની બે બોટલ તથા કાર કબજે લીધા છે. અન્ય એક બનાવમાં જેપી રોડ પોલીસે રાણેશ્વર સર્કલ બશેરા ડુપ્લેક્સ પાસેથી દારૂનો નસો કરીને ગાડી ચલાવતા સાહિલ મોહમ્મદ સલીમ શેખ રહે આમિર કોમ્પ્લેક્સ તાંદલજાને ઝડપી પાડ્યો હતો. ઓલ્ડ પાદરા રોડ અક્ષર ચોક પાસેથી દારૂનો નશો કરીને કાર લઈને જતાં નશેબાજ દિપંશુ સતીશકુમાર કોઠારી રહે કિશન ગ્લોરી બિલ ગામ મૂળ, રહે ઈન્દોર એમપી ને જે પી રોડ પોલીસે ઝડપી પાડ્યો હતો.

શેરબજારમાં રોકાણના બહાને છેતરપિંડી

# અમદાવાદની નિવૃત્ત મહિલા સાથે રૂ.૮૬.૭૧ લાખની છેતરપિંડી

## આ મામલે અમદાવાદ સાયબર ક્રાઈમ પોલીસે ગુનો નોંધી તપાસના ચક્રો ગતિમાન કર્યા છે

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

અમદાવાદમાં સાયબર ઠગોએ હવે નિવૃત્ત અને શિક્ષિત નાગરિકોને નિશાન બનાવવાનું શરૂ કર્યું છે. શેરબજારમાં ટૂંકા સમયમાં ઊંચું વળતર મેળવવાની લાલચ આપીને સેટેલાઈટ વિસ્તારની એક નિવૃત્ત મહિલા પાસેથી લાખો રૂપિયા પડાવી લીધા હોવાની ઘટના સામે આવી છે. આરોપીઓએ પૂર્વ આયોજિત કાવતરાના ભાગરૂપે ફરિયાદીનો વિશ્વાસ જીતવા માટે શરૂઆતમાં નફાની રકમ પરત આપી હતી અને ત્યારબાદ મોટી રકમનું રોકાણ કરાવી છેતરપિંડી આચરી હતી. આ મામલે અમદાવાદ સાયબર ક્રાઈમ પોલીસે ગુનો નોંધી તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.

અમદાવાદના પોશ ગણાતા સેટેલાઈટ વિસ્તારમાં રહેતા ૬૧ વર્ષીય પારૂલબેન ગોપાણી આ સાયબર ઠગાઈનો ભોગ બન્યા છે. પારૂલબેન અગાઉ એક જાણીતી ફાર્મા કંપનીમાં ક્વોલીટી હેડ તરીકે ફરજ બજાવી નિવૃત્ત થયા છે અને હાલ નિવૃત્ત જીવન ગુજારે છે. નવેમ્બર માસમાં ફેસબુક પર સર્ફિંગ દરમિયાન તેમની નજર શેરબજારમાં રોકાણ કરવાની એક જાહેરાત પર પડી હતી. પારૂલબેન પોતે પણ શેરબજારમાં ઈન્વેસ્ટમેન્ટ કરતા હોવાથી તેઓ આ લાલચમાં આવી ગયા હતા અને અંતે તેમણે પોતાની આજીવન મૂડી સમાન ૮૬.૭૧ લાખ ગુમાવવાનો વારો આવ્યો છે.છેતરપિંડીની શરૂઆત ગત ૫ નવેમ્બર ૨૦૨૫ના રોજ થઈ હતી. ફેસબુક પર વિક્રમ કપૂર નામના વ્યક્તિની પ્રોફાઈલ પરથી રોકાણની જાહેરાત જોઈ પારૂલબેને તેના પર ક્લિક કર્યું હતું, જેનાથી તેઓ એક વ્હોટ્સએપ ગ્રુપમાં જોડાયા હતા. આરોપી વિક્રમે પોતાની ઓળખ એનાલિસ્ટ તરીકે આપી તેમને 'VIP૨૬૯૯૬MIB > Study Board. Alpha Desk' નામના ગ્રુપમાં એડ કર્યા હતા. ત્યારબાદ ઈશિતા પાંડે નામની યુવતીએ કસ્ટમર સપોર્ટ તરીકે વાત કરી પારૂલબેન પાસે 'MIBAFSS' નામની એક નકલી એપ્લીકેશન ડાઉનલોડ કરાવી હતી અને તેમાં પાનકાર્ડ સહિતની વિગતો ભરાવી રજિસ્ટ્રેશન કરાવ્યું હતું.ઠગોએ ફરિયાદીનો વિશ્વાસ જીતવા માટે અત્યંત ચાલાકી પૂર્વક રમત રમી હતી. શરૂઆતમાં પારૂલબેને માત્ર ૫૦૦૦ રૂપિયાનું રોકાણ કર્યું હતું, જે એપ્લિકેશનમાં જમા થયેલું દેખાતું હતું. આ રકમ પર નફો થયો હોવાનું જણાવી આરોપીઓએ પારૂલબેનને ૩૭,૦૦૦ વિડ્રોલ કરવા દીધા હતા.

પોતાના બેંક ખાતામાં પૈસા જમા થતા પારૂલબેનને આ પ્લેટફોર્મ પર સંપૂર્ણ વિશ્વાસ બેસી ગયો હતો. આ વિશ્વાસનો ફાયદો ઉઠાવી ઠગોએ તેમને વધુ રોકાણ કરવા માટે પ્રોત્સાહિત કર્યા હતા, જેના કારણે તેમણે અને તેમના પતિએ (જેઓ બેંકના નિવૃત્ત ક્લાર્ક છે) મોટી રકમ રોકવાનું શરૂ કર્યું હતું.

૫ નવેમ્બર થી ૩૦ ડિસેમ્બરના ગાળામાં પારૂલબેને ટુકડે-ટુકડે કુલ ૮૬,૭૧,૬૪૫ જુદા-જુદા બેંક ખાતાઓમાં જમા કરાવ્યા હતા. આ તમામ રકમ નકલી એપ્લિકેશનમાં નફા સાથે ખૂબ જ મોટી દેખાતી હતી. જોકે, જ્યારે પારૂલબેને પોતાની મૂળ રકમ અને નફો પરત મેળવવાનો પ્રયાસ કર્યો, ત્યારે આરોપીઓએ કમિશન અને ટેક્સના નામે વધુ પૈસાની માંગણી કરી હતી. વારંવાર નાણાં માંગવામાં આવતા પારૂલબેનને છેતરપિંડીનો અહેસાસ થયો હતો. તેમણે તાત્કાલિક સાયબર ક્રાઈમ પોલીસમાં વિક્રમ કપૂર અને ઈશિતા પાંડે વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે.

વધુ એક હત્યાનો બનાવ સામે આવ્યો

# ભાવનગરના તરસમિયા ગામમાં છરીથી ઘાતક હુમલો

## મૃતકના સંબંધીઓ મોટી સંખ્યામાં હોસ્પિટલ દોડી ગયા હતા ભરતનગર પોલીસ સ્ટેશનના PI કુરેશી સહિત પોલીસ કાફલો પણ ઘટનાસ્થળે પહોંચ્યો હતો

(સંપૂર્ણ સમાચાર સેવા)ભાવનગર

ભાવનગરમાં વધુ એક હત્યાનો બનાવ સામે આવ્યો છે. શહેરના તરસમિયા ગામના રહેવાસી સુરેશ ડાભીની મોડી રાત્રે ચાર લોકોએ છરીના ઘા મારીને હત્યા કરી હતી. પ્રાથમિક માહિતી મુજબ, તરસમિયા ખારસી રોડ પર પીરની દરગાહ પાસે ચાર વ્યક્તિઓએ તેના પર છરીઓથી હુમલો કર્યો હતો.ઘટનાના સમાચાર મળતાં, મૃતકના સંબંધીઓ મોટી સંખ્યામાં હોસ્પિટલ દોડી ગયા હતા. ભરતનગર પોલીસ સ્ટેશનના PI કુરેશી સહિત પોલીસ કાફલો પણ ઘટનાસ્થળે પહોંચ્યો હતો. તપાસ શરૂ કરવામાં આવી છે, અને ફરિયાદ નોંધવામાં આવી છે.

મૃતક સુરેશ ડાભીનો પરિવાર સુરતમાં રહેતો હતો, પરંતુ તે તેની પત્ની, એક પુત્રી અને બે પુત્રો સાથે રામજી મંદિર પાસે ભાવનગરના તરસમીયામાં રહેતો હતો.સુરેશ ડાભી ઘણા સમયથી ભાવનગર માં રહેતો હતો અને તરસમિયા ગામમાં કપડાની દુકાનમાં કામ કરીને પોતાનું ગુજરાન ચલાવતો હતો. ૩ જાન્યુઆરીના રોજ મોડી રાત્રે, કેટલાક અજાણ્યા હુમલાખોરોએ તેના પર તીક્ષ્ણ હથિયારથી હુમલો કરીને તેની હત્યા કરી હતી. આ ઘટનામાં ત્રણ બાળકો પિતા વિહોણા થઈ ગયા છે.

આ ઘટના અંગે, મૃતકના ભાઈ નરેશ ડાભીએ જણાવ્યું હતું કે, "હું મારી પુત્રી સાથે ટુ-વ્હીલર પર પીર દાદા પાસે જઈ રહ્યો હતો. પાછળથી, મેં જોયું કે ચાર લોકોએ મારા ભાઈને છરી મારી હતી, તે ચાર લોકો આવ્યા હતા, અને તેઓ ત્યાંથી હુમલો કરી ચાલ્યા ગયા હતા."

આ પહેલા ભાવનગરમાં માતા અને સગા ભાઈએ બહેનની હત્યા કરી હતી.ત્યાર બાદ ઘરના આંગણે હત્યા કરી મૃતદેહ ચેકડેમમાં ફેંકી દીધો હતો. ભોખડા ગામે માતાપુત્રએ આ હત્યાને અંજામ આપ્યો હતો.જો કે વરતેજ પોલીસે માતાપુત્રની તરત જ ધરપકડ કરી હતી.

યુવતીની હત્યા માતા દયાબેન અને ભાઈ પ્રકાશે અત્યંત ક્રૂરતાથી કરી હતી. પિતા હિંમતભાઈએ વરતેજ પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી. વરતેજ પોલીસે માતાપુત્રને ઝડપીને વધુ કાર્યવાહી હાથ ધરી હતી. જાણકારી અનુસાર મૃતક યુવતી અન્ય ઈસમ સાથે વાત કરતી હતી. આ જ કારણસર કુટુંબમાં ભારે નારાજગી હતી. કુટુંબીઓ તેના આ યુવક સાથે વાતચીત કરવાના કારણે નારાજ હતા. તેને આ અંગે વારંવાર સમજાવવામાં પણ આવી હતી, પણ તે માનતી ન હતી. તેના કારણે તેના માતાપિતા અને ભાઈ નારાજ હતા. તેમા પણ માતા અને ભાઈ ખૂબ જ નારાજ હતી.

મૃતકના પરિવારે પત્ની સામે ગંભીર આક્ષેપો કર્યા

# યુવાને પત્નીના આડા સંબંધોથી કંટાળીને ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી

## ૧૦ દિવસ પહેલા પત્નીને પ્રેમી સાથે જોઈ જતા ઝઘડો થયો હતો

(સંપૂર્ણ સમાચાર સેવા)સુરત

સુરત શહેરના સચિન GIDC વિસ્તારમાંથી એક હૃદયદ્રાવક ઘટના સામે આવી છે. જ્યાં એક પરણેતિ યુવાને પત્નીના આડા સંબંધોથી કંટાળીને ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી લેતા ચકચાર મચી ગઈ છે. એક સંતાનના પિતા એવા આ યુવાને પત્નીને તેના પ્રેમી સાથે જોઈ લીધા બાદ આ અંતિમ પગલું ભર્યું હોવાનું પ્રાથમિક દ્રષ્ટિએ જણાઈ રહ્યું છે. જોકે, મૃતકના પરિવારે પત્ની સામે ગંભીર આક્ષેપો કર્યા છે.ઘટનાની મળતી માહિતી અનુસાર, સચિન GIDC વિસ્તારમાં રહેતા યુવાનના લગ્નજીવનમાં છેલ્લા કેટલાક સમયથી ખટરાગ ચાલતો હતો. અંદાજે ૧૦ દિવસ પહેલા પતિએ પોતાની પત્નીને તેના પ્રેમી સાથે કઢંગી હાલતમાં જોઈ લીધી હતી. આ ઘટના બાદ દંપતી વચ્ચે ઉગ્ર બોલાચાલી અને ઝઘડા થયા હતા. પત્નીના આડા સંબંધોનો પર્દાફાશ થતા ઘરમાં કંકાસ વધ્યો હતો અને પત્ની રિસાઈને તેના પિયર ચાલી ગઈ હતી.યુવાનના મોતના સમાચાર મળતા જ પરિવારમાં માતમ છવાઈ ગયો હતો. જોકે, મૃતકના પરિવારજનોએ આ મામલે પત્ની અને તેના પક્ષના લોકો પર ગંભીર આક્ષેપ કર્યા છે. પરિવારનું કહેવું છે કે, આ આત્મહત્યા નથી પણ હત્યા હોઈ શકે છે. તેઓએ શંકા વ્યક્ત કરી છે કે, યુવાનને મારીને લટકાવી દેવામાં આવ્યો છે. હાલમાં આ મામલે સચિન GIDC પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.

આ ઘટનાની જાણ થતા જ સચિન GIDC પોલીસનો કાફલો ઘટનાસ્થળે પહોંચી ગયો હતો અને મૃતદેહને પોસ્ટ મોર્ટમ માટે ખસેડ્યો હતો. પત્નીના આડા સંબંધો, ઘરેલું કંકાસ અને પરિવારના આક્ષેપો એમ તમામ પાસાઓ પર પોલીસ ઊંડાણપૂર્વક તપાસ કરી રહી છે. પોસ્ટ મોર્ટમ રિપોર્ટ આવ્યા બાદ જ મોતનું સાચું કારણ સામે આવશે.

ગમખ્વાર અકસ્માતની ઘટના સામે આવી

# ભિલોડાના ધોલવાણી પાસે કાર-બુલેટ વચ્ચે અકસ્માત

(સંપૂર્ણ સમાચાર સેવા)અરવલ્લી

અરવલ્લીના ભિલોડામાં ગમખ્વાર અકસ્માતની ઘટના બની છે. ભિલોડાના ધોલવાણી પાસે પૂરપાટ ઝડપે આવી રહેલી કારે બુલેટચાલકને ભયંકર ટક્કર મારી હતી. અકસ્માતના બનાવમાં બે વ્યક્તિના મોત નીપજ્યા છે, જ્યારે એક વ્યક્તિ ઈજાગ્રસ્ત થતાં સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યો છે. સમગ્ર મામલે પોલીસે ગુનો નોંધીને આગળની કાર્યવાહી હાથ ધરી છે.

મળતી માહિતી મુજબ, અરવલ્લીના ભિલોડાના ધોલવાણી પાસે કાર અને બુલેટ વચ્ચે અકસ્માત સર્જાયો હતો. જેમાં બેફામ આવતી કારચાલકે ત્રણ સવારી બુલેટને જોરથી ટક્કર મારી હતી. આ ઘટનામાં બાઈક પર સવાર ત્રણ યુવક ઈજાગ્રસ્ત થતાં સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા.

જ્યાં સારવાર દરમિયાન મયુર ખરાડી અને મનોજ પાંડોર નામના બે યુવકના મોત નીપજ્યા હતા. જ્યારે અન્ય એક ઈજાગ્રસ્ત યુવકને હિંમતનગર સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યો છે. મૃતક ભૂતાવળ ગામના રહેવાસી હોવાનું સામે આવ્યું છે. સમગ્ર બનાવને લઈને પોલીસે અકસ્માતનો ગુનો નોંધ્યો છે. પોલીસે કારચાલકની ધરપકડ કરી છે. તેમજ ઘટનાસ્થળ આસપાસના સીસીટીવી પણ તપાસમાં લઈને આગળની કાર્યવાહી હાથ ધરી છે.

વીડિયો કોલમાં કરી લાઈવ આત્મહત્યા

# પ્રેમિકા પરત ન આવતા યુવકે જીવન ટૂંકાવ્યું

## ૨૯ વર્ષીય યુવકે પોતાના નિવાસસ્થાને ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી લેતા પરિવારમાં શોકનું મોજું ફરી વળ્યું છે

(સંપૂર્ણ સમાચાર સેવા)મોરબી

મોરબીના લાયન્સનગર વિસ્તારમાંથી એક ચકચારી ઘટના સામે આવી છે. સોશિયલ મીડિયાના માધ્યમથી પ્રેમમાં પડેલા એક યુવકે તેની પ્રેમિકા ઘરે ગયા બાદ પરત ન ફરતા આત્યંતિક પગલું ભરી લીધું છે. ૨૯ વર્ષીય યુવકે પોતાના નિવાસસ્થાને ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી લેતા પરિવારમાં શોકનું મોજું ફરી વળ્યું છે.

ઘટનાની મળતી માહિતી અનુસાર, મોરબીના લાયન્સનગર વિસ્તારમાં રહેતા હિતેશ ધમ્મર નામના યુવકને સોશિયલ મીડિયાના માધ્યમથી એક યુવતી સાથે પરિચય થયો હતો. આ પરિચય ધીરે ધીરે પ્રેમમાં પરિણમ્યો હતો. પ્રેમ એટલો ગાઢ બન્યો હતો કે, છેલ્લા ત્રણ મહિનાથી આ પ્રેમી યુગલ લિવ-ઈન રિલેશનશિપમાં સાથે રહેતું હતું.

થોડા દિવસો પહેલા હિતેશની પ્રેમિકા પોતાના ઘરે ગઈ હતી. જોકે, ત્યારબાદ તે કોઈ કારણોસર પરત ફરી ન હતી. હિતેશે તેને પરત લાવવા કે મળવા માટે પ્રયત્નો કર્યા હોવાનું મનાય છે, પરંતુ પ્રેમિકા પરત ન આવતા હિતેશ માનસિક રીતે ભાંગી પડ્યો હતો. વિરહની આ પીડા સહન ન થતા અંતે હિતેશે લાયન્સનગર સ્થિત પોતાના ઘરે ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી લીધી હતી.

આ ઘટનાની જાણ થતા જ મોરબી સિટી બી ડિવિઝન પોલીસનો કાફલો ઘટના સ્થળે પહોંચી ગયો હતો. પોલીસે મૃતદેહને પોસ્ટ મોર્ટમ અર્થે હોસ્પિટલ ખસેડી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. પ્રાથમિક તપાસમાં પ્રેમ પ્રકરણ અને પ્રેમિકાના વિરહમાં આ પગલું ભર્યું હોવાનું સામે આવ્યું છે, પરંતુ પોલીસ અન્ય પાસાઓ પર પણ તપાસ કરી રહી છે.